અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ મે ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૪ | અંક : ૩૨૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### પાક. સેનાએ તૈનાત કરી ટેન્કો, અફઘાન ચોકીઓ પર હુમલો

। ઈસ્લામાબાદ, તા.૨૯ ।

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની સેનાઓ વચ્ચે ગુરૂવારે સવારે ફરી એકવાર તંગદિલીનો માહોલ સર્જાયો છે. બંને દેશોએ અફઘાનિસ્તાનની બરમાચા સરહદ પર આમને-સામને ફાયરિંગ કર્યુ હતું. આ વિસ્તાર પાકિસ્તાનના બલૂચિસ્તાનના સમાનાંતરમાં સ્થિત છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે, બોર્ડર પર નવી ચોકીઓ બનાવવાથી વિવાદ સર્જાયો હતો. જેના લીધે બંને દેશો વચ્ચે આજે સવારથી ફાયરિંગ શરૂ થયુ હતું. જો કે, થોડા કલાક બાદ ફાયરિંગ બંધ કરવામાં આવ્યું હતું.

### શોપિયામાં લશ્કરના બે હાઇબ્રિડ આતંકીઓની હથિયારો સાથે ધરપકડ

। (એજન્સી) જમ્મુ, તા.૨૯ ।

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. સુરક્ષા દળો માટે એક મોટી સફળતામાં, દક્ષિણ કાશ્મીરના શોપિયાના બાસ્કુચન વિસ્તારમાં એક સંકલિત કાર્યવાહી દરમિયાન લશ્કર-એ-તૈયબા (LeT) સાથે જોડાયેલા બે હાઈબ્રિડ આતંકવાદીઓની ધરપ કડ કરવામાં આવી હતી. ખીણના દક્ષિણ જિલ્લામાં આતંકવાદી પ્રવૃત્તિ વિશે ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે જમ્મુ અને કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા ૪૪ રાષ્ટ્રીય રાઈફલ્સ (RR) અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ની ૧૭૮ બટાલિયન સાથે મળીને આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### પહેલગામના માસ્ટરમાઇન્ડ સૈફુલ્લાહ કસૂરીએ ભારત વિરૂદ્ધ ઓક્યૂ ઝેર

। ઈસ્લામાબાદ, તા.૨૯ ।

લશ્કર-એ-તૈયબાના કમાન્ડર સૈફૂલ્લાહ કસૂરીએ ફરી એકવાર ભારત વિરોધી રેલીનું આયોજન કર્યું છે. તે પાકિસ્તાની નેતાઓ સાથે એક જ મંચ પર ઉભા રહીને ભારત વિરુદ્ધ બોલ્યો હતો. કસૂરીને પહેલગામ આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે. તેણે હુમલા પછી એક વીડિયો જાહેર કર્યો હતો અને કહ્યું હતું કે તે તેમાં સામેલ નથી, પરંતુ હવે કસૂરીએ શરમજનક નિવેદન આપ્યું છે. પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગે એક રેલીનું આયોજન કર્યું હતું. આતંકવાદી હાફિઝ સઈદના પુત્ર તલ્હા સઈદે પણ તેમાં ભાગ લીધો હતો.

### એર ચીફ માર્શલ ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર જાહેરમાં બોલ્યા

# પ્રાણ જાય પર વચન ના જાય, એક વાર કમિટ કર્યા બાદ પાછો નથી હટતો

### આપણે સંરક્ષણ દળોને મજબૂત કરવા માટે સમાન અભિગમનો ઉપયોગ કરવો પડશે : તે ફક્ત આખા રાષ્ટ્રનો અભિગમ નથી, આપણે આખા રાષ્ટ્રના મિશન મોડમાં કામ કરવું પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।



ઓપરેશન સિંદૂર બાદ એર ચીફ માર્શલ એપી સિંહ પહેલીવાર સીઆઈઆઈના બિઝનેસ સમિટમાં જાહેરમાં આવ્યા હતા. સીઆઈઆઈના બિઝનેસ સમિટને સંબોધતા એર ચીફ માર્શલ એપી સિંહે રામાયણની સુપ્રસિદ્ધ પંક્તિને ટાંકતા કહ્યું હતું કે, પ્રાણ જાય પર વચન ના જાય. અન્ય એક વિષયને લઈને સંબોધન દરમિયાન તેમણે કહ્યું કે, એક વાર કમિટ કરી દીધા પછી હુ મારી પોતાની પણ વાત પણ માનતો નથી. ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે, આજે ગુરુવારે સીઆઈઆઈ બિઝનેસ સમિટને સંબોધી હતી. તેમણે ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આપણને હવે સ્પષ્ટ ખ્યાલ આવ્યો છે કે આપણે ઓપરેશન સિંદૂરથી કઈ દિશામાં જઈ રહ્યા છીએ અને ભવિષ્યમાં આપણને શું જોઈએ છે. તેથી, આપણે આપણી વિચાર પ્રક્રિયાઓને ફરીથી ગોઠવવા માટે ઘણું કામ કરવાની જરૂર છે, જે પહેલાથી જ ચાલી રહી છે. તેમણે કહ્યું કે તેમણે જે પણ કરવાનું વચન આપ્યું છે, તે તેઓ કરશે. એર ચીફ માર્શલે કહ્યું કે ઓપરેશન સિંદૂર, જેમ કે નેવી ચીફે કહ્યું હતું, યુદ્ધનું પાત્ર બદલી રહ્યું છે. આ દરમિયાન, એર ચીફ માર્શલે સલમાન ખાનની ફિલ્મનો એક સંવાદ પણ બોલ્યો. એર ચીફ માર્શલે કહ્યું- એકવાર આપણે પ્રતિબદ્ધ થઈ જઈએ છીએ, પછી હું પોતાનું પણ સાંભળતો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન પ્રેસ બ્રિફિંગમાં પણ ડીજીએમઓ એ પણ પાકિસ્તાનના એરબેઝ ઉપર હુમલો કર્યા બાદ, રામાયણની જાણીતી ચોપાઈ ''ભય બિના પ્રિત નહીં'' નો ઉલ્લેખ કર્યો હતો. CII સમિટમાં, એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે કહ્યું, 'અમે વિશ્વ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. પ્રાણ જાયે પર વચન નહીં એમ કહીને કહ્યું કે, જીવ ગુમાવી શકાય છે પરંતુ વચન તોડવું જોઈએ નહીં, આ અમારું એકમાત્ર લક્ષ્ય છે. હવે આપણે હંમેશા ભવિષ્ય માટે તૈયાર રહેવું પડશે. આપણે આખા રાષ્ટ્રના અભિગમના આધારે યુદ્ધ જીત્યું છે. આપણે સંરક્ષણ દળોને મજબૂત કરવા માટે સમાન અભિગમનો ઉપયોગ કરવો પડશે. તે ફક્ત આખા રાષ્ટ્રનો અભિગમ નથી, આપણે આખા રાષ્ટ્રના મિશન મોડમાં કામ કરવું પડશે અને પરિણામો લાવવા પડશે. તેમણે વધુમાં કહ્યું કે આપણે, ભારતીય સેના, એક વાતમાં માનીએ છીએ કે એકવાર આપણે પ્રતિબદ્ધ થઈ જઈએ છીએ, પછી આપણે પોતાનું પણ સાંભળતા નથી.

## હિંમત હોય તો આવતીકાલે જ ચૂંટણી મેદાને આવો : મમતા બેનર્જી

। (એજન્સી) કોલકાતા, તા.૨૯ ।



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ્સ્ઝ સરકાર પર પ્રહાર કરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે, બંગાળ વિરુદ્ધ નિવેદનબાજી યોગ્ય નથી. ઓપરેશન સિંદૂર અને પહેલગામ આતંકી હુમલા અંગે મમતા બેનર્જીએ કહ્યું કે, 'વડાપ્રધાન મોદીએ જે કહ્યું તેનાથી અમને આઘાત લાગ્યો છે અને તે સાંભળવું દુર્ભાગ્યપૂર્ણ પણ છે.' મમતાએ કહ્યું કે, 'સમગ્ર વિપક્ષ દુનિયામાં દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે અને દેશના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે એક સાહસિક પગલું ભરી રહ્યા છે, પરંતુ શું વડાપ્રધાન અને તેમના નેતાઓ માટે એવું કહેવાનો સમય આવી ગયો છે કે, તેઓ ઓપરેશન સિંદૂરની જેમ ઓપરેશન બંગાળ પણ કરશે. હું તેમને પડકાર ફેંકું છું કે, જો તેમનામાં હિંમત હોય તો કાલે ચૂંટણી મેદાનમાં આવે, અમે તૈયાર છીએ અને બંગાળ તમારા પડકારને સ્વીકારવા તૈયાર છે. અમારા પ્રતિનિધિ અભિષેક બેનર્જી પણ વિદેશ ગયેલા પ્રતિનિધિમંડળની ટીમમાં છે અને તેઓ દરરોજ આતંકવાદ વિરુદ્ધ બોલી રહ્યા છે.' તેમણે કહ્યું કે, 'વડાપ્રધાન મોદી જુઠ્ઠું બોલી રહ્યા છે. તેઓ દેશને લૂંટે છે અને ભાગી જાય છે. આવી વાત કરવી સારી નથી. હું ઓપરેશન સિંદૂર પર કોઈ ટિપ્પણી કરવા માંગતી નથી, પરંતુ યાદ રાખ જો દરેક મહિલાનું સન્માન હોય છે.

### કોંગ્રેસ નેતાઓ દ્વારા ભારે વિરોધ બાદ થરૂરનો જવાબ

# ઠીક લાગે એ કરો મારી પાસે બીજા ઘણા કામ : શશી થરૂર

### કોંગ્રેસ નેતા ઉદિત રાજે શશિ થરૂરના વિદેશ પ્રવાસ દરમિયાન આપવામાં આવેલા એક નિવેદન પર વાંધો ઉઠાવ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।



કોંગ્રેસના સાંસદ શશિ થરૂર પોતાના જ પક્ષના નેતાઓની ટીકાઓનો ભોગ બન્યા છે. જેનો જવાબ આપતાં થરૂરે નેતાઓને અતિ ઉત્સાહી ગણાવ્યા છે. તેમજ થરૂરે પોતાની પાસે અન્ય ઘણા કામો હોવાનું કહી તેમના કટાક્ષોની અવગણના કરી હતી. કોંગ્રેસ નેતા ઉદિત રાજે શશિ થરૂરના વિદેશ પ્રવાસ દરમિયાન આપવામાં આવેલા એક નિવેદન પર વાંધો ઉઠાવ્યો હતો અને તેમને ભાજપના સુપર પ્રવક્તા ગણાવ્યા હતા. શશિ થરૂરે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળની પનામા મુલાકાત દરમિયાન એક નિવેદન આપ્યું હતું કે, ભારત સરકારે તાજેતરના વર્ષોમાં પોતાની વિચારસરણી બદલી છે. જેથી આતંકવાદીઓને અનુભવ થઈ ગયો છે કે, તેમણે ભારત પર હુમલાની કિંમત ચૂકવવી પડશે. થરૂરે સર્જિકલ સ્ટ્રાઈક અને બાલાકોટ સ્ટ્રાઈકનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, પહેલીવાર ભારતે સર્જિકલ સ્ટ્રાઈક કરી LOC ક્રોસ કરી આતંકવાદીઓના ઠેકાણાં પર હુમલા કર્યા હતા. કારગિલની લડાઈમાં પણ અમે બોર્ડર ક્રોસ કરી ન હતી. પરંતુ આ વખતે અમે માત્ર બોર્ડર ક્રોસ કરી છે. પાકિસ્તાનની મધ્યમમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાંને ટાર્ગેટ બનાવ્યા છે.

થરૂરની આ ટીપ્પણી પર કોંગ્રેસ નેતા ઉદિત રાજે સવાલો ઉઠાવ્યા હતા કે, કોંગ્રેસ સાંસદ શશિ થરૂર ભાજપના સુપર પ્રવક્તા બની ગયા છે. જે વસ્તુ ભાજપના નેતાઓ નથી બોલી રહ્યા, તે થરૂર પીએમ મોદી અને સરકાર વિશે બોલી રહ્યા છે. શું તેમને જાણ છે કે, પાછળની સરકારે શું કર્યું હતું? તે ભારતીય સશસ્ત્ર બળનો આશરો લઈ રહ્યા છે.

શશી થરૂર ભાજપના પ્રચાર વિભાગના પ્રવક્તા બન્યા છે. ઉદિત રાજની ટીકા બાદ શશી થરૂરે સામો જવાબ આપતાં કહ્યું કે, X પર પોસ્ટ કરી હતી કે, પનામામાં એક લાંબા અને સફળ દિવસ બાદ મારે મધ્યરાત્રિએ જ કોલંબિયા માટે જવા નીકળવાનું છે. આથી મારી પાસે સમયન નથી. પરંતુ જે અતિ ઉત્સાહી મારા નિવેદનની ટીકા કરી રહ્યા છે.

### આરોપો અંદાજ આધારિત ગણાવી ક્લિનચીટ

## લોકપાલની પૂર્વ SEBI પ્રમુખ માધબી પુરી બુચને ક્લિનચીટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।



સેબીના પૂર્વ ચેરમેન માધબી પુરી બુચ સામેના ભ્રષ્ટાચારના આરોપોની તપાસ કરીને લોકપાલે તેમને ક્લિનચીટ આપી દીધી છે. જસ્ટિસ એ.એમ. ખાનવિલકરની અધ્યક્ષતા ધરાવતી છ સભ્યોની બનેલી લોકપાલ ખંડપીઠે જણાવ્યું છે કે 'માધબી પુરી બુચ પરના આરોપો ફક્ત અંદાજ આધારિત છે, જેના કોઈ મજબૂત પુરાવા નથી. તેમની સામેની ફરિયાદ હિન્ડનબર્ગ રિસર્ચ રિપોર્ટને આધારે કરાઈ હતી, પરંતુ કાર્યવાહી કરવા માટે આ રિપોર્ટ અપૂરતો છે. તેમની સામે તપાસનો આદેશ આપવા માટે કોઈ જ પુરાવા નથી. આ કેસની વિગત એવી છે કે, હિંડનબર્ગ રિપોર્ટમાં પૂર્વ સેબી ચેરમેન પર અદાણી જૂથ સાથે ગેરકાયદે આર્થિક જોડાણો હોવાનું કહેવાયું હતું. તેમના પર આરોપ હતો કે, સેબીમાં માધબી પુરી બુચનો કાર્યકાળ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી હતો.

### ગુજરાત સહિતના રાજ્યોમાં ૩૧ મેના રોજ યોજાશે મોક ડ્રીલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

જમ્મુ કાશ્મીરના પહેલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી. આ દરમિયાન ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિને લઈને ગુજરાત સહિત દેશના અનેક જિલ્લામાં મોક ડ્રીલ થઈ હતી. જ્યારે સરહદ પર સીઝફાયર બાદ સિવિલ ડિફેન્સે ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં ફરી મોક ડ્રીલ યોજવાનો નિર્ણય કર્યો છે.

### સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહનું ચોંકાવનારૂ નિવેદન

## PoKના લોકો આપણાં ભાઈ-બહેન, એક દિવસ સામેથી ભારતમાં ભળી જશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।



સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે પાકિસ્તાનની ઊંઘ ઊડાડી દે તેવું ચોંકાવનારૂ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, POKમાં ભારતના પોતાના લોકો રહે છે. એક દિવસ તેઓ પોતાના વતન પરત ફરશે. તેઓ ભારતીયો છે.

નવી દિલ્હી ખાતે યોજાયેલા એક કાર્યક્રમને સંબોધતાં રાજનાથ સિંહે જણાવ્યું કે, પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આપણા પોતાના લોકો રહે છે. તેમાંના મોટાભાગના લોકોનું ભારત સાથે ઊંડુ જોડાણ છે. લાગણી છે. અમુક લોકો જ પાકિસ્તાન સાથે જવા માગે છે. અમને વિશ્વાસ છે, આપણા ભાઈઓ જેઓ આજે રાજકીય અને ભૌગોલિક દ્રષ્ટિએ આપણાથી અલગ છે. તેઓ પોતાના સ્વાભિમાન, આત્માના અવાજ અને સ્વેચ્છાએ ભારતની મુખ્ય ધારામાં પરત ફરશે.

રાજનાથ સિંહે આગળ કહ્યું કે, ભારત હંમેશા દિલોને જોડવા મુદ્દે વાત કરે છે. તે પ્રેમ, એકતા, સત્યમાં માને છે. હવે એ દિવસ દૂર નથી, જ્યારે આપણો હિસ્સો POK પરત મેળવીશું.

### ઓવૈસીએ હવે સાઉદી સમક્ષ પાકિસ્તાનની પોલ ખોલી

# ભારતમાં ૨૪ કરોડ મુસ્લિમ સુખ-શાંતિથી રહે છે : ઓવૈસી

। (એજન્સી) રિયાદ, તા.૨૯ ।




ઘણા નેતાઓ ઓપરેશન સિંદૂર અને આતંકવાદ પર ભારતનો સ્ટેન્ડ વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે વિવિધ દેશોમાં ગયા છે. જેમાં ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં એક સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ સાઉદી અરેબિયા પહોંચ્યું. જ્યાં રિયાધમાં,AIMIMના વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ ભારત પર પાકિસ્તાનના હુમલા વિષે વાત કરી હતી આ સાથે મુસ્લિમો ભારતમાં કેવી રીતે રહે છે તે અંગે પણ વાત કરી હતી. સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ રિયાધમાં કહ્યું, "આ ખૂબ જ દુઃખદ છે કે પાકિસ્તાન મુસ્લિમ દેશો અને વિશ્વને સંદેશ આપે છે કે પાકિસ્તાન એક મુસ્લિમ દેશ છે અને ભારત નથી. પરંતુ ૨૪ કરોડ મુસ્લિમો ભારતમાં ગર્વથી રહે છે. આ પાકિસ્તાનનો ખોટો પ્રચાર છે કે તે મુસ્લિમ દેશ હોવાથી ભારત તેને નુકસાન પહોંચાડી રહ્યું છે.' પાકિસ્તાનના આતંકવાદ પર નિશાન સાધતા ઓવૈસીએ કહ્યું કે, જો પાકિસ્તાન આ આતંકવાદી જૂથોને રોકે છે, તો દક્ષિણ એશિયામાં સ્થિરતા આવશે અને પ્રગતિ થશે. પાકિસ્તાન સાર્કમાં અવરોધો ઉભા કરી રહ્યું છે.' ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા ઓવૈસીએ કહ્યું કે, પાકિસ્તાનના ૯ એરબેઝને નિશાન બનાવવામાં આવ્યા હતા.

જો ભારત ઈચ્છતું હોત, તો અમે તે એરબેઝને સંપૂર્ણપણે નષ્ટ કરી શક્યા હોત પરંતુ અમે તેમને અરીસો બતાવવા માંગતા હતા.' અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું, 'પાકિસ્તાનને FATF(ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ) ની ગ્રે લિસ્ટમાં પાછું મૂકી દેવું જોઈએ.

### મુર્શિદાબાદમાં જોવા મળી સરકારની નિર્મમતા

## બંગાળમાં વડાપ્રધાન મોદીએ મમતા દીદીને આંડેહાથ લીધા

। (એજન્સી) મુર્શિદાબાદ, તા. ૨૯ ।



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર મોટો હુમલો કર્યો, મુર્શિદાબાદ અને માલદામાં થયેલી હિંસાને તૃણમૂલ કોંગ્રેસ સરકારની ક્રૂરતાનું પ્રતીક ગણાવી. મમતા બેનર્જીનું નામ લેતા વડા પ્રધાન મોદીએ કહ્યું છે કે મુર્શિદાબાદ અને માલદામાં જે કંઈ થયું તે સરકારની 'નિર્દયતા'નું ઉદાહરણ છે. ગુરુવારે પીએમ મોદીએ પશ્ચિમ બંગાળના અલીપુરદુઆર જિલ્લામાં ૧,૦૧૦ કરોડ રૂપિયાના સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. પીએમ મોદીએ એક રેલીને સંબોધિત કરતી વખતે તૃણમૂલ સરકારને ઘેરી લીધી. તેમણે કહ્યું છે કે આજના યુગમાં બંગાળ ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે, પરંતુ સરકાર આ બધાને દૂર કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. પીએમ મોદીએ રેલી દરમિયાન કહ્યું હતું કે, આજે પશ્ચિમ બંગાળ એક સાથે અનેક કટોકટીઓથી ઘેરાયેલું છે.

### સેના પ્રમુખ સિમ્યુલેટર મશીનનું ઉદઘાટન કર્યું

# જગદગુરુ રામભદ્રાચાર્યે આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદીને આપી રામ મંત્રની દીક્ષા


। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।



ભારતીય સેનાના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી ચિત્રકૂટ પહોંચ્યા હતા. અહીં તેમણે જગદગુરુ રામભદ્રાચાર્યની સાથે મુલાકાત કરવાની સાથે સદગુરુ આંખની હોસ્પિટલમાં સિમ્યુલેટર મશીનનું ઉદઘાટન કર્યું હતું. જગદગુરુ રામભદ્રાચાર્યએ આશ્રમની મુલાકાત બદલ સેના પ્રમુખને દીક્ષા આપી હતી, જ્યારે જગદગુરુએ દીક્ષાના બદલે પીઓકે માગ્યું છે. તેમણે આજે (૨૯ મે) કહ્યું કે, 'મેં સેના પ્રમુખ પાસે દક્ષિણમાં પાક અધિકૃત કાશ્મીર એટલે કે PoKની માંગ કરી છે. સેના પ્રમુખની મુલાકાત વિશે માહિતી આપતાં તેમણે કહ્યું કે, 'મેં તેમને રામ મંત્રથી એ જ દીક્ષા આપી હતી જે ભગવાન હનુમાનને માતા સીતા પાસેથી મળી હતી અને પછી લંકા પર વિજય મેળવ્યો હતો. મેં તેમની પાસેથી દક્ષિણા માંગી છે કે મને પીઓકે પાછું જોઈએ.' સદગુરુ સેવા કેન્દ્રના એક સભ્ય માહિતી આપી છે કે, સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને સદગુરુએ આંખની હોસ્પિટલની મુલાકાતે આવ્યા હતા. જગદગુરુ અને સેના પ્રમુખે તબીબી તાલીમ માટે વપરાતું સિમ્યુલેટર મશીન જોયું હતું. તેમણે મશીનનું ઉદઘાટન કર્યું હતું. આખા ભારતમાં આવી માત્ર ચાર કે પાંચ જ મશીનો છે, જ્યારે મધ્યપ્રદેશમાં આ પ્રથમ મશીન છે.

## US ફેડરલ કોર્ટે ટેરિફ પર લાગવ્યો પ્રતિબંધ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।



યુનાઈટેડ સ્ટેટ્સની એક ફેડરલ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મોટો અને જોરદાર ફટકો આપ્યો છે. ફેડરલ કોર્ટે વિશ્વના ઘણા દેશો પર રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ પર પ્રતિબંધ મૂક્યો છે. કોર્ટના આ નિર્ણયથી ટ્રમ્પની આર્થિક નીતિઓના એક મહત્વપૂર્ણ ભાગને ફટકો પડ્યો છે. આંતરરાષ્ટ્રીય વેપાર અદાલતે પોતાના નિર્ણયમાં કહ્યું કે વ્હાઈટ હાઉસ દ્વારા ટેરિફ લાદવા માટે ટાંકવામાં આવેલ કટોકટી કાયદો રાષ્ટ્રપતિને વિશ્વના લગભગ તમામ દેશો પર એકપક્ષીય રીતે ટેરિફ લાદવાનો અધિકાર આપતો નથી. અમેરિકાના મેનહટનમાં સ્થિત આંતરરાષ્ટ્રીય ટ્રેડ અદાલતે કહ્યું કે યુએસ બંધારણ અનુસાર, કોંગ્રેસને વિશ્વના અન્ય દેશો સાથે વેપાર સરળતાથી ચલાવવા માટે ખાસ અધિકારો આપવામાં આવ્યા છે, જે અર્થતંત્રના રક્ષણના નામે રાષ્ટ્રપતિને આપી શકાતા નથી. જોકે, કોર્ટના નિર્ણય પછી તરત જ, ટ્રમ્પ વહીવટીતંત્રે અપીલ દાખલ કરી. હકીકતમાં, ફેડરલ કોર્ટના નિર્ણય પછી, વ્હાઈટ હાઉસ પાસે હવે તમામ ટેરિફ બંધ કરવા માટે અમલદારશાહી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ૧૦ દિવસનો સમય છે.

### સરકારી વ્યવસ્થામાં સુધારો કરવો ખૂબ જ મુશ્કેલ કાર્ય, રાજકારણનો સમય ઘટાડીશઃ મસ્ક

# મસ્કનો મોહભંગ : અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના 'બિગ બ્યુટીફુલ બિલ'ની ખુલ્લેઆમ ટીકા કરી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।



ટેસ્લાના માલિક એલોન મસ્કે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સૌથી મહત્વપૂર્ણ કાયદા 'બિગ બ્યુટીફુલ બિલ'ની ખુલ્લેઆમ ટીકા કરી છે. આ ટીકાને ગયા વર્ષની ચૂંટણી દરમિયાન બંને નેતાઓ વચ્ચે બનેલા સંબંધોમાં મોટો તિરાડ માનવામાં આવી રહી છે. ટ્રમ્પના ચૂંટણી પ્રચારને $250 મિલિયનનો ટેકો આપનાર અને તેમના વહીવટમાં સલાહકારની ભૂમિકા પણ ભજવનાર એલોન મસ્ક હવે આ બિલથી ખૂબ નિરાશ છે. તેમણે કહ્યું કે આ કાયદો માત્ર ખર્ચાળ નથી, પરંતુ તે તેમના વિભાગ, સરકારી કાર્યક્ષમતા વિભાગના પ્રયાસોને પણ નબળા પાડે છે. મસ્કે ઉમેર્યુ કે, 'એક બિલ મોટું અથવા સુંદર હોઈ શકે છે, પરંતુ મને નથી લાગતું કે તે બંને હોઈ શકે.'Xના માલિક એલોન મસ્કે કહ્યું કે આ બિલ સરકારી ખર્ચ અને નુકસાન બંનેમાં વધારો કરી રહ્યું છે. આ તે ઉદ્દેશ્યની વિરુદ્ધ છે જેના માટે તેમણે સરકારી ખર્ચમાં ઈ૧ ટ્રિલિયનનો ઘટાડો કરવા ર્ઙ્ઘંય્ઈ વિભાગ બનાવ્યો હતો. પરંતુ હવે તેમનું માનવું છે કે વોશિંગ્ટન ડીસીની સરકારી વ્યવસ્થા અપેક્ષા કરતાં વધુ ખરાબ છે. તેમણે કહ્યું કે, 'મને લાગ્યું હતું કે કેટલીક સમસ્યાઓ હશે, પરંતુ સરકારી વ્યવસ્થામાં સુધારો કરવો ખૂબ જ મુશ્કેલ કાર્ય છે.' મસ્કે એવું પણ ઉમેર્યુ કે, હવે તેઓ રાજકારણનો સમય ઘટાડશે.

## ફાયર બ્રિગેડના કર્મચારીઓ માટે રૂ.૩૯ લાખના ખર્ચે યુનિફોર્મ ખરીદશે

। (એજન્સી) વડોદરા, તા.૨૯ ।

વડોદરા પાલિકાના અગ્નિશાંતિ શાખાના કર્મચારીઓ માટે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના બ્લોક પેટે જરૂરી યુનિફોર્મ ખરીદવા અંદાજીત રકમથી ૪.૭૮ ટકા ઓછાના એટલે કે કુલ રૂ.૩૯,૮૩,૫૭૨ના ભાવપત્રકને સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરી મંજુરી મેળવી આપ વા બાબતે દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. પાલિકાની અગ્નિશાંતિ શાખાના કર્મચારીઓ માટે વર્ષ ૨૦૨૪-૨૫ના બ્લોક પેટે જરૂરી ગરમ યુનિફોર્મ ખરીદ કરવાના કામે ખાતા દ્વારા અધિકાર પરત્વે મેળવેલ મંજુરી આધારે ભાવપત્રો મંગાવતા આ કામે બે ઈજારદારના ભાવપત્રો આવેલ છે. બે ભાવપત્રો પૈકી ઓછા ભાવના ઈજારદાર મે.પ્રિશા એન્ટરપ્રાઈસનું અંદાજી રકમથી ૪.૭૮ ટકા ઓછાનુ એટલે કે કુલ રૂ.૩૯,૮૩,૫૭૨નુ (અધિકારી માટે રૂ.૨૫,૨૨૦/સેટ તથા કર્મચારી માટે રૂ.૧૭,૭૯૬/સેટ) ભાવપત્ર આવ્યું હતું. સદર ભાવપત્રકને સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરી મંજુરી મેળવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## સાવરકુંડલામાં કમોસમી વરસાદથી ખેડૂતોની હાલત કફોડી બની

। (એજન્સી) અમરેલી, તા.૨૯ ।

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદે વેરેલા વિનાશથી ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. જિલ્લામા ભારે પવન અને વરસાદ કારણે ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે સાવરકુંડલાના કરજાળા અને સીમરન ગામમાં કેરી, તલ, કેળા અને ડુંગળી સહીતના પાકને ભારે નુકસાન થતાં સરકાર પાસે વળતર માગ કરી રહ્યા છે. અમરેલી જિલ્લામાં પવન અને ભારે વરસાદના કારણે ઉનાળુ પાક લેતા ખેડૂતોના ખેતરમાં ભારે તારાજી સર્જી છે. ખાસ કરીને સાવરકુંડલા પંથકના કરજાળા અને સીમરન ગામમા ભારે પવન અને વરસાદ કારણે તલ, કેરી, કેળા, ડુંગળી સહીતના પાકમા નુકસાન થયું છે, ત્યારે ખેડૂતોની હાલત કફોડી બની છે સરકાર પાસે સહાયની માંગ કરી હતી. જોકે સરકાર દ્વારા સાવરકુંડલા પંથકમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ ખેડૂતો દ્વારા અમુક પાકમાં નુકસાન થયું છે તેમનો સર્વે થયો નથી તેવું મીડિયા સમક્ષ કહી રહ્યા છે.

## રાજકોટમાં લુખ્ખાઓના ઘર પર ફર્યુ તંત્રનું બુલડોઝર

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

રંગીલા રાજકોટમાં જાણે કે લોકોને પોલીસનો કોઈ ખૌફ જ ના હોય તેવા બનાવો હમણાંથી શહેરમાં બની રહ્યા છે. રાજકોટ શહેરમાં લુખ્ખાઓનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં લુખ્ખાઓએ એક રેસ્ટોરન્ટમાં આતંક મચાવ્યો હતો. એક લુખ્ખાએ રેસ્ટોરન્ટમાં પાઈપ વડે તોડફોડ કરી અને નુકસાન પહોંચાડ્યું હતું. ઘટનાની વાત કરીએ તો પારકાના ઝઘડામાં રેસ્ટોરન્ટ માલિક સમાધાન કરાવવા માટે ગયો હતો અને લુખ્ખા તત્વએ માલિકની જ રેસ્ટોરન્ટ પર પાઈપ લઈને તોડફોડ મચાવી હતી. બીજી તરફ આ લુખ્ખાના આતંકથી રેસ્ટોરન્ટમાં જમવા માટે આવેલા નાના બાળકો સાથે જમવા બેસેલા પરિવાર અને મહિલાઓ ગભરાઈ ગઈ હતી. આ સમગ્ર ઘટનાના ભયાનક સીસીટીવી પણ સામે આવ્યા છે.

# વડોદરાના તરવૈયાઓ ૪૭ મેડલ સાથે ઝળક્યા!



। વડોદરા, તા.૨૯ ।

વડોદરાના તરવૈયાઓએ અમદાવાદમાં ૧૭ થી ૧૮ મે ૨૦૨૫ દરમિયાન યોજાયેલી ૬૬મી સિનિયર ગુજરાત રાજ્ય એક્વેટિક ચેમ્પિયનશિપ્સ-૨૦૨૫માં વડોદરા સ્વિમિંગ ટીમે કુલ ૪૭ મેડલ જીતીને શાનદાર પ્રદર્શન કર્યું છે. આ મેડલમાંથી ૨૧ સિલ્વર અને ૨૬ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. વિજેતાઓની વાત કરીએ તો અનુષ્યા કૈથવાસઃ ૬ સિલ્વર અને ૩ બ્રોન્ઝ, અવની સિંહઃ ૬ સિલ્વર અને ૩ બ્રોન્ઝ, ઓમ કદમઃ ૩ સિલ્વર અને ૧ બ્રોન્ઝ, ફોરમ બ્રહ્મભટ્ટઃ ૨ સિલ્વર, ભાવ્ય મહેતાઃ ૧ સિલ્વર અને ૫ બ્રોન્ઝ, જયદીપ કિથોરિયાઃ ૧ સિલ્વર અને ૩ બ્રોન્ઝ, હિમધી ચૌહાણઃ ૨ સિલ્વર અને ૧ બ્રોન્ઝ, માધવ દાઉદિયાઃ ૫ બ્રોન્ઝ, હર્ષ મહેશ્વરીઃ ૩ બ્રોન્ઝ અને હર્ષિલ વાઘઃ ૨ બ્રોન્ઝ મેડલ હાંસિલ કર્યા. આ તરવૈયાઓએ તેમની આ સફળતાનો શ્રેય કોચ કૃષ્ણા પંડ્યા અને વિવેક સિંહ બોરલિયા તથા ટ્રેનર્સ સુબોધ કુમાર અને બિપિન કુમારને આપ્યો છે.

## વડોદરાના દક્ષિણ ઝોનમાં વિવિધ રસ્તાઓ પર પટ્ટા મારવા રૂ.૧.૧૦ લાખ ખર્ચાશે

। (એજન્સી) વડોદરા,તા.૨૯ ।

વડોદરા કોર્પોરેશનના દક્ષિણ ઝોનમાં વાર્ષિક ઈજારાથી વિવિધ રસ્તાઓ પર હોટ એપ્લાઈડ થર્મોપ્લાસ્ટીક પેઈન્ટથી પટ્ટા પાડવાના કામે રૂ.૧,૧૦,૦૦,૦૦૦ (GST સહ)ની નાણાકીય રકમની મર્યાદામાં મે.શ્રીજી કન્સ્ટ્રક્શન કંપનીનું અંદાજીત રકમ કરતાં ૩૪.૩૦% ઓછા મુજબના યુનિટ રેટ ભાવપત્રને મંજુરી મળવા બાબતે સ્થાયી સમિતિમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. વડોદરા પાલિકામાં વિવિધ રસ્તાઓ પર હોટ એપ્લાઈડ થર્મોપ્લાસ્ટીક પેઈન્ટથી સેન્ટરલાઈન, એજલાઈન, કર્બ લાઈન તેમજ ઝેબ્રા ક્રોસિંગ, પાર્કિંગ લાઈન વગેરે પ્રકારના લાઈન માર્કિંગ (પટ્ટા) પાડવાની જરૂરીયાત અન્વયે અંદાજ રૂ.૧,૧૦,૦૦,૦૦૦થી મંજૂરી આપવામાં આવી છે. સદર કામે રૂ.૧,૧૦,૦૦,૦૦૦ની મર્યાદામાં કામગીરી કરાવવા ભાવપત્રો મંગાવતા માત્ર એક જ ઈજારદારના ભાવપત્ર આવેલ.

### પાણીની તંગીથી લોકો પરેશાન

# મોરબી પાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ પણ પાણીની સમસ્યા યથાવત

### તંત્ર દ્વારા શહેરમાં પુરતું પાણી વિતરણ કરતા હોવાના દાવા વચ્ચે સામાકાંઠા વિસ્તારની અનેક સોસાયટીમાં પાણીની સમસ્યા સપાટી પર આવી છે

। (એજન્સી) મોરબી, તા.૨૯ ।

મોરબી પાલિકામાંથી મહાનગર પાલિકા બન્યા બાદ પણ પાણીની સમસ્યા યથાવત જોવા મળી રહી છે, તંત્ર દ્વારા શહેરમાં પુરતું પાણી વિતરણ કરતા હોવાના દાવા વચ્ચે સામાકાંઠા વિસ્તારની અનેક સોસાયટીમાં પાણીની સમસ્યા સપાટી પર આવી છે અને અપૂરતું અને જે પાણી મળે છે તે પણ દુર્ગંધ યુક્ત પાણી આવતું હોવાનું સ્થાનિક લોકો બળાપો કાઢી રહ્યા છે અને મહાનગર પાલિકાનો ઘેરાવ કરવાની ચીમકી ઉચ્ચારી છે.



મોરબી શહેરના વોર્ડ નંબર ૪ના ચામુંડા નગર, શક્તિનગર, માળિયા, વનાળીયા, ઉમિયાનગર સહિતના વિસ્તારમાં પાણીનો કકળાટ ઉભો થયો છે અને તેની રજૂઆત સ્થાનિક લોકોએ અવાર નવાર જવાબદાર તંત્રને કરી છે. પરંતુ નીમ્ભર તંત્રએ સ્થાનિક લોકોની રજૂઆત અણદેખી કરતા લોકોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો અને માટલા ફોડી અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. પાણીની સમસ્યાના નિવારણ માટે હવે કોંગ્રેસ પણ મેદાનમાં આવ્યું છે અને શહેર પ્રમુખ દ્વારા વિવિધ વિસ્તારની મુલાકાત લઈ પ્રશ્નો સાંભળી મહાનગર પાલિકામાં રજૂઆત કરી રહ્યા છે. આ અંગે શહેર પ્રમુખ દ્વારા જાણકારી આપવામાં આવી છે કે જો પાણીના પ્રશ્નનું નિરાકરણ નહીં આવે તો સ્થાનિક લોકોને સાથે રાખીને જરૂર પડ્યે મોટું આંદોલન કરીશું. બીજી તરફ પાણીના પ્રશ્નને લઈ મહિલાઓએ પણ પોતાની વ્યથા વ્યક્ત કરી હતી કે જેમાં પાણી વિના કપડા ધોવા, વાસણ ધોવા, રસોઈ બનાવવા ન્હાવા સહિતની જીવન જરૂરિયાતની કામગીરી તેમજ પીવાના પાણીની પણ તંગી જોવા મળે છે.

## નાપાસ થતાં વિદ્યાર્થીએ કરેલી રિટ હાઇકોર્ટે રદ કરી



। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।

જીટીયુ સાથે સંકળાયેલી એપોલો ઈન્સ્ટિટ્યુટ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીનો બેચલર ઓફ એન્જિનિયરિંગના વિદ્યાર્થી નાપાસ જાહેર થતાં તેણે પરિણામ સામે હાઈકોર્ટમાં કરેલી રિટ રદ કરવામાં આવી છે. અરજદાર વિદ્યાર્થીએ એવો દાવો કર્યો હતો કે તેણે રિએસેસમેન્ટની ડિમાન્ડ કરી હતી અને એમાં પણ એના કોઈ માર્ક્સ બદલાયા નહોતા. ત્યારબાદ તેણે આગળ પણ કાર્યવાહી કરી હતી અને એવો દાવો કર્યો હતો કે તેણે કેટલાક સવાલોના જવાબો આપ્યા હોવા છતાંય તેને એના કોઈ પણ માર્ક્સ આપવામાં આવ્યા નહોતા. જોકે હાઈકોર્ટે એવું અવલોકન કર્યું હતું કે,'વિષયના નિષ્ણાત દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હોય ત્યારે અરજદાર વિદ્યાર્થી પ્રત્યે કોઈ પૂર્વાગ્રહ રાખવામાં આવ્યું હોય એવું કોર્ટ માની શકે નહીં. એટલું જ નહીં અરજદાર વિદ્યાર્થી આન્સર-કી રાખવાનો અધિકાર હોવાનો દાવો પણ કરી શકે નહીં.' વિદ્યાર્થીએ એ મતલબના મુદ્દા ઉપસ્થિત કર્યા હતા કે તે પરીક્ષામાં બેઠો હતો અને તેનું પરિણામ ૧૩.૦૩.૨૦૨૫ના રોજ જાહેર કરાયું હતું. જેમાં વિદ્યાર્થીને નાપાસ જાહેર કરાયો હતો. તેથી તેણે રિએસેસમેન્ટની અરજી કરી હતી. જોકે રિએસેસમેન્ટ છતાંય તેનું પરિણામ બદલાયું નહોતું. વિદ્યાર્થીએ યુનિવર્સિટીને એક ઈમેઈલ કરીને આન્સરશિટનું પુનઃમૂલ્યાંકન કરવાની માગ કરી હતી. યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે આન્સરશિટ થોડા સમયમાં અપલોડ કરાશે. વિદ્યાર્થીએ ઈ કરીને માર્કશિટ મેળવી હતી અને વિષયના એક નિષ્ણાતને બતાવી હતી. જેમનો મત હતો કે યુનિવર્સિટીએ મૂલ્યાંકનમાં ભૂલ કરી છે. આ મંતવ્યના આધારે વિદ્યાર્થીએ ફરીથી બે વાર ઈમેઈલ કરી પરિણામના રિએસેસમેન્ટની માગ કરી હતી.' અરજદાર વિદ્યાર્થીએ એવી રજૂઆત પણ કરી હતી કે,'આ ઈમેઈલના પગલે થયેલી કાર્યવાહીમાં યુનિવર્સિટી દ્વારા તેને અગાઉ જે માર્ક્સ મળ્યા હતાં, એની માત્ર પુનઃગણતરી કરી હતી. જોકે અરજદારે કેટલાક સવાલોમાં જે જવાબ આપ્યા હતા એમાં તેને કોઈ પણ માર્ક્સ આપવામાં આવ્યો નહોતો. તેણે આ સવાલો હલ કર્યા હોવા છતાંય તેને શૂન્ય માર્ક્સ અપાયા હતા.'

### ઇન્ડિગોની ફ્લાઇટને લેન્ડિંગની મંજૂરી ન મળતા વડોદરા ડાયવર્ટ કરાઈ

# રાજકોટ એરપોર્ટ પર ટેક્નિકલ ખામીથી અંધાધૂંધી, ફ્લાઇટ ડાયવર્ટ

### રાજકોટનું નવું એરપોર્ટ બન્યું ત્યારથી વિવાદોમાં જ રહ્યું છે અને એરપોર્ટ કરતાં તેના અધિકારીઓની નીતિ-રીતિ વધુ વિવાદોમાં રહી છે

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

રાજકોટ એરપોર્ટ પર આજે સવારે ઈલેક્ટ્રોનિક ચેક-ઈન સિસ્ટમ ખોટકાઈ જતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. અનેક મુસાફરો એરપોર્ટમાં ફસાઈ જતાં હોબાળો થયો હતો. આ ટેકનિકલ ખામીના કારણે મુંબઈથી રાજકોટ આવતી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર ૬ઈ ૫૩૨૧ને વડોદરા ડાયવર્ટ કરવી પડી હતી. રનવે પર ઉતરવાની મંજૂરી ન મળતા આ ફ્લાઈટને વડોદરા વાળવામાં આવી હતી.બીજી તરફ, એરપોર્ટ પર આટલી મોટી સમસ્યા સર્જાઈ




હોવા છતાં, એરપોર્ટ ડાયરેક્ટર બોહરા સહિતના અધિકારીઓએ પોતાના મોબાઈલ ફોન બંધ કરી દીધા હતા અને મુસાફરોને કોઈ માહિતી ન આપતા તેઓ હેરાન થયા હતા. ઈન્ડિગો એરલાઈન્સના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, એરપોર્ટ પર ઓપરેશનલ ઈશ્યુના કારણે ફ્લાઈટ વડોદરા ડાયવર્ટ કરાઈ હતી, જ્યારે અમુક સૂત્રોએ ફ્યુઅલનો ઈશ્યુ હોવાનું જણાવ્યું હતું. ઈન્ડિગોના જવાબદાર અધિકારીઓ પણ અલગ અલગ કારણો આપી રહ્યા હતા. જોકે, દોઢ કલાક બાદ વડોદરા ડાયવર્ટ કરાયેલી ફ્લાઈટ ફરી રાજકોટ પરત લવાઈ હતી. આ પહેલા આજે સવારે પણ એર ઈન્ડિયાની ચેક-ઈનસિસ્ટમખોરવાઈ ગઈ હતી. પરિણામે ચેક-ઈનની પ્રક્રિયા મેન્યુઅલી કરવી પડતા મુસાફરોને હાલાકી ભોગવવી પડી હતી. થોડા દિવસો પહેલા રાજકોટના એક જાણીતા તબીબે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એસી અને મોબાઈલ નેટવર્કની અપ ૂરતી સુવિધા અંગેનો વિડીયો વાયરલ કરીને ઈન્ટરનેશનલ એરપોર્ટની પોલ ખોલી હતી. રાજકોટનું નવું એરપોર્ટ બન્યું ત્યારથી વિવાદોમાં જ રહ્યું છે અને એરપોર્ટ કરતાં તેના અધિકારીઓની નીતિ-રીતિ વધુ વિવાદોમાં રહી છે.

### પોલીસે આરોપી વિરુધ્ધ ફરિયાદ નોંધી

## સાયન્ટિસ્ટના ઘરમાંથી ઘરઘાટીએ ૧૯.૫૫ લાખની મતાની ચોરી કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાત બાયોટેકનોલોજી સેન્ટર ખાતે સાયન્ટિસ્ટ તરીકે ફરજ બજાવતા મહિલાના ઘરમાંથી ૧૯.૫૫ લાખ રૂપિયાની ચોરી થઈ છે. સાયન્ટિસ્ટ પોતાના પરિવાર સાથે દ્વારકા ગયા હતા જ્યારે પરત આવ્યા તે દરમિયાન ઘરમાં કામ કરતી ઘરઘાટીએ જ ચોરી કરી લીધી હોવાનું જાણવા મળ્યું હતું. એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. પૂછપરછમાં મહિલા ઘરઘાટીએ ચોરીની કબૂલાત કરી લીધી છે. પાલડી પટેલવાસમાં રહેતા ધારાબેન પટેલ ગાંધીનગર ખાતે આવેલા ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર ખાતે સાયન્ટિસ્ટ તરીકે ફરજ બજાવે છે. ૨૨ મેના રોજ ધારાબેન પતિ અને બાળકો સાથે દ્વારકા ફરવા ગયા હતા અને ૨૫ મેના રાતે તેઓ પરત આવ્યા હતા. તેઓ પરત આવ્યા ત્યારે તેમના સાસુ, સસરાએ તેમને જણાવ્યું હતું કે ૨૪ મેના રાત્રે વરસાદ જેવું વાતાવરણ હોવાથી તે ઉપર બારી બંધ કરવા ગયા ત્યારે ત્રીજા માળની તિજોરી અડધી ખુલ્લી હતી. પછી તેમણે તપાસ કરી તો તિજોરીમાંથી સોનાના દાગીના અને બે લાખ રૂપિયા રોકડા ચોરી થયા હતા. ઘરમાંથી કુલ ૧૭.૫૫ લાખ રૂપિયાના સોનાના દાગીના અને ૨ લાખ રોકડા એમ કુલ ૧૯.૫૫ લાખ રૂપિયાની ચોરી થઈ હતી.

# વડોદરા મંડળ દ્વારા "પ્લાસ્ટિક પ્રદૂષણની નાબૂદી" વિષય પર વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાન...







। (માહિતી) વડોદરા ।

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા ૨૨ મે થી ૫ જૂન, ૨૦૨૫ સુધી "પ્લાસ્ટિક પ્રદૂષણ નાબૂદી" વિષય પર વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાન સંચાલિત કરવામાં આવી રહ્યું છે. આ પહેલ રેલવે સંકુલો અને ટ્રેનોમાં પ્લાસ્ટિક કચરો ઘટાડવા તથા પર્યાવરણની સ્થિરતાને પ્રોત્સાહિત કરવા માટેની મંડળની કટિબદ્ધતાને દર્શાવે છે.

૨૨ થી ૨૪ મે સુધી વિશેષ જાગૃતિ અભિયાન હેઠળ શપથ ગ્રહણ અને રેલીઓનું આયોજન કરવામાં આવ્યું, જેમાં રેલવે કર્મચારીઓની સાથે-સાથે સામાન્ય નાગરિકોની સક્રિય ભાગીદારી થઈ. આ દરમિયાન પ્લાસ્ટિક કચરાનું મૂલ્યાંકન, નિકાલ અને દેખરેખ માટે પ્રયત્નો કરવામાં આવ્યા અને સોશિયલ મીડિયા મારફતે ડિજિટલ જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવ્યું.

મંડળના વિવિધ રેલવે સ્ટેશનો, કચેરીઓ અને કોચીઝમાં જાગૃતિ સામગ્રીનું પ્રદર્શન કરવામાં આવ્યું તથા પ્લાસ્ટિક ઉપયોગ ઘટાડવા અને રિઃસાયકલીંગને પ્રોત્સાહન આપવા માટે કાર્યશાળાઓ અને શેરી નાટકો નું આયોજન કરવામાં આવ્યું. "પોતાની પાણીની બોટલ રાખો સાથે" જેવા અભિયાનો મારફતે પુનઃ ઉપયોગના યોગ્ય વિકલ્પો અપનાવવા માટે પ્રેરણા આપવામાં આવી.

૨૫ થી ૨૭ મે સુધી ચલાવવામાં આવેલા સ્વચ્છતા અભિયાન હેઠળ કચરાનું વર્ગીકરણ, રિઃસાયકલીંગ તથા સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી. આ ઉપરાંત, સ્થાનિક સમુદાયો અને બિન-સરકારી સંગઠનોના સહયોગથી જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું અને પેમ્ફલેટ વહેંચવામાં આવ્યા. વડોદરા મંડળ આ અભિગમો મારફતે સ્વચ્છ અને હરીયાળા ભવિષ્યની દિશામાં સતત પ્રયત્નશીલ છે. આ અભિયાન ૫ જૂન, ૨૦૨૫ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ સુધી ચાલુ રહેશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# રિયાદમાં અસદુદ્દીન ઓવૈસીએ પાકિસ્તાનની આલોચના કરી

## સાજિદ મીર પર આરોપ મૂકવામાં આવે, પરંતુ પાકિસ્તાને કહ્યું કે તે મરી ગયો છે, પાકિસ્તાન FATF સમિતિ સમક્ષ આવ્યું અને કહ્યું કે સાજિદ મીર જીવિત છે

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૯ ।

ભારતનું પ્રતિનિધિમંડળ વિશ્વભરમાં પાકિસ્તાનનો પર્દાફાશ કરી રહ્યું છે. આ દરમિયાન, સાઉદી અરેબિયાના રિયાધમાં AIMIMના વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું, "૨૬/૧૧ પછી, તત્કાલીન વડા પ્રધાન સ્વર્ગસ્થ ડૉ. મનમોહન સિંહના નેતૃત્વ હેઠળની મારી સરકારે, ભારતીય તપાસ કર્તાઓ પાકિસ્તાન ગયા, તેમને બધા પુરાવા આપ્યા, પરંતુ તમને જાણીને આશ્ચર્ય થશે કે કંઈ આગળ વધ્યું નહીં. જ્યારે પાકિસ્તાનને FATF ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવ્યું ત્યારે પાકિસ્તાનને આ આતંકવાદી કેસમાં આગળ વધવાની ફરજ પડી હતી. જર્મનીમાં એક બેઠક થઈ હતી અને ભારત ઈચ્છતું હતું કે સાજિદ મીર પર આરોપ મૂકવામાં આવે, પરંતુ પાકિસ્તાને કહ્યું કે તે મરી ગયો છે. પાકિસ્તાન FATF સમિતિ સમક્ષ આવ્યું અને કહ્યું કે સાજિદ મીર જીવિત છે. શું તમે કલ્પના કરી શકો છો કે જે દેશ કહેતો હતો કે તે મરી ગયો છે, તે અચાનક જીવિત થઈ ગયો છે? અને પછી પાકિસ્તાની સરકારે કહ્યું કે અમારી અદાલતોએ તેને ૫ થી ૧૦ વર્ષની સજા ફટકારી છે, પરંતુ ૨૬/૧૧ના મુખ્ય ગુનેગારો હજુ પણ નિર્ભય છે. તેને આતંકવાદ માટે નહીં, પરંતુ મની લોન્ડરિંગ માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો." ઓવૈસીએ પાકિસ્તાન પર નિશાન સાધ્યું.



AIMIMના વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું, "ભારતીય ન્યાયતંત્રે કાયદાની બધી પ્રક્રિયાઓનું પાલન કર્યું અને અજમલ કસાબને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી, અને તેણે ઘણી બધી વાતો કહી. અમારી એજન્સીઓ ઓડિયો વાતચીત રેકોર્ડ કરવામાં સક્ષમ હતી જેમાં પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદી જૂથ ફાઈવ સ્ટાર હોટલોમાં ભારતીયોની હત્યા કરી રહેલા આતંકવાદીઓ સાથે વાત કરી રહ્યા હતા, અને તે વાતચીતમાં તેમને સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું કે આશા ન ગુમાવો, શક્ય તેટલા ભારતીયોને મારી નાખો, અને તમે જન્નતમાં જશો. આ વાતચીત રેકોર્ડ કરવામાં આવી હતી." અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું, "પાકિસ્તાનને FATFની ગ્રે લિસ્ટમાં પાછું લાવવું જોઈએ. ત્યારે જ આપણે આ બધા આતંકવાદી સંગઠનોના આતંકવાદી ભંડોળને નિયંત્રિત કરી શકીશું. જ્યારે આ વ્યક્તિને (અસીમ મુનીર) પાકિસ્તાનમાં ફિલ્ડ માર્શલ બનાવવામાં આવ્યો હતો, ત્યારે મોહમ્મદ એહસાન નામનો એક અમેરિકન આતંકવાદી ફિલ્ડ માર્શલની બાજુમાં બેઠો હતો. આ ફિલ્ડ માર્શલ સાથે હાથ મિલાવતા તેના ચિત્રો છે. પાકિસ્તાનની સંડોવણીના સ્પષ્ટ પુરાવા છે. આ આતંકવાદી જૂથો ત્યાં ખીલી રહ્યા છે, તેમને ત્યાં તાલીમ આપવામાં આવી રહી છે, અને આખું કામ ભારતને અસ્થિર કરવાનું છે જેથી ભારતમાં વધુ હિન્દુ મુસ્લિમ રમખાણો થઈ શકે." ઓવૈસીએ કહ્યું, "પઠાણકોટ ઘટના મારા વડા પ્રધાન વગર આમંત્રણે પાકિસ્તાન ગયા પછી બની હતી, અને હું તેને રેકોર્ડ પર રાખવા માંગુ છું, હું જ તેમના ત્યાં જવાની ટીકા કરતો હતો. ઘણા વિપક્ષી પક્ષોએ ટીકા કરી હતી કે મારા વડા પ્રધાન અફઘાનિસ્તાનથી વગર આમંત્રણે નવાઝ શરીફના ઘરે કેમ ગયા. અમારા એરબેઝ પર હુમલો થયો, અને અમે ત્યાં ઘણા કર્મચારીઓ ગુમાવ્યા. વડા પ્રધાને કહ્યું કે પાકિસ્તાન પુરાવા માંગે છે; તમે (પાકિસ્તાન) તમારી ટીમ મોકલો. શું તમે કલ્પના કરી શકો છો કે કોઈ દેશ પડોશી દેશની જાસૂસી એજન્સીને આમંત્રણ આપે? તેમને આમંત્રણ આપવામાં આવ્યું હતું, તેમને બધા રેકોર્ડ આપવામાં આવ્યા હતા, પરંતુ કંઈ થયું નહીં, કંઈ થયું નહીં. જો પ્રશ્ન એ છે કે - આપણે પાકિસ્તાન સાથે વાત કેમ નથી કરતા, તો પછી આપણે પાકિસ્તાનમાં કોની સાથે વાત કરવી જોઈએ?

**ન્યૂઝ બ્રિફ**

### અમેરિકાના વોલ સ્ટ્રીટમાં દેશી સ્ટાઈલમાં જાન નીકળી

। (એજન્સી) ન્યૂ યોર્ક, તા.૨૯ ।

અમેરિકાના વોલ સ્ટ્રીટમાં દેસી સ્ટાઈલમાં ઢોલ-નગારા સાથે નીકળેલી જાનનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં શાનદાર ઈન્ડિયન વેડિંગની ઝલક જોવા મળી રહી છે. હવે આ વીડિયો પર યુઝર્સ પોત-પોતાના અંદાજમાં રિએક્શન આપી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર @djajmumbai નામના હેન્ડલ પરથી એક વીડિયો શેર કરવામાં આવ્યો છે. તેમાં કેપ્શન આપ્યું છે કે, અમે ૪૦૦ લોકોની જાન સાથે વોલ સ્ટ્રીટને જ બંધ કરી દીધી. શું કોઈએ આવું વિચાર્યું હશે? ચોક્કસપણે આવો જાદુ જીવનમાં એક વાર જ થાય છે. વાઈરલ વીડિયોમાં પરંપરાગત પોશાક પહેરેલા સેંકડો લોકોનું એક મોટું જૂથ વોલ સ્ટ્રીટ પર ડીજેના તાલ પર ઝૂમી રહ્યું છે. તમામ લોકો મસ્તીમાં ડૂબેલા જોવા મળી રહ્યા છે. આ સાથે જ જોઈ શકાય છે કે, જાનૈયાની ભીડને કારણે આખી વોલ સ્ટ્રીટ બંધ થઈ ગઈ છે.

### આમેરના રાજાની દીકરી અને અકબરના લગ્ન થયા જ નહોતા

। (એજન્સી) જયપુર, તા.૨૯ ।

અત્યાર સુધી આપણે પુસ્તકોમાં વાંચતા આવ્યા છીએ કે, આમેરના રાજા ભારમલે પોતાની દીકરી જોધાના લગ્ન મુઘલ શાસક અકબર સાથે કર્યા હતા. જોધા અકબરની પાંચ પત્નીઓમાં પ્રમુખ હતી. જોધા અને અકબરના પુત્ર સલીમ (જહાંગીર) વિશે પણ ઈતિહાસમાં ભણાવવામાં આવ્યું છે, પરંતુ હવે રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બાગડેએ આ બધી વાતો ખોટી ગણાવતા એક સનસનાટી મચાવતો દાવો કર્યો છે. બુધવાર ૨૯ મેના રોજ મહારાણા પ્રતાપની જયંતિના અવસર પર રાજ્યપાલ ઉદયપુરના પ્રતાપ ગૌરવ કેન્દ્રમાં આયોજિત કાર્યક્રમમાં સામેલ થયા હતા. પોતાના સંબોધન દરમિયાન રાજ્યપાલે મહારાણા પ્રતાપની બહાદુરી વિશે જણાવવાની સાથે-સાથે જોધા અને અકબર વિશે મોટી વાત કહી દીધી. તેમણે કહ્યું કે આમેરના રાજાની દીકરી અને અકબરના લગ્ન થયા જ નહોતા.

### ફીફ્થ જનરેશન સ્ટીલ્ધ ફાયટર જેટ પ્રોજેક્ટ સિદ્ધ થઇ શક્યો : રાજનાથ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતે ફીફ્થ જનરેશન, સ્ટીલ્ધ ફાયટર જેટ પ્રોજેક્ટ સંપન્ન કર્યો છે. સંરક્ષણ મંત્રાલય, આ પ્રકારનાં વિમાનો બનાવવામાં ભાગીદાર થવા ખાનગી કંપનીઓને પણ આમંત્રણ આપ્યું છે. આ દ્વારા ભારત પોતાની સ્વકીય સંરક્ષણ શક્તિ વધારી શકે તેમ છે. તેમજ ખાનગી કંપનીઓ કે તેમનાં કોર્ટેલ્સને પણ તેમાં ભાગીદાર થવાની તક આપે છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ માહિતી આપતાં પત્રકારોને જણાવ્યું હતું કે એડવાન્સ્ડ, મીડીયમ કોમ્બેટ એરક્રાફ્ટ (એએમસીએ) માટે પ્રોગ્રામ એક્ઝિક્યુશન મોડેલને કેબિનેટે મંજૂરી આપી દીધી છે. તેઓએ વધુમાં કહ્યું હતું કે ડેવલપમેન્ટ એજન્સી (એડીએ) આ પ્રોગ્રામ હાથ ધરી રહી છે. તે ભવિષ્યમાં ખાનગી કંપનીઓ કે કોર્ટેલ્સને ભાગીદાર બનાવશે.

#### UP પોલીસે ડઝનબંધ ગુનેગારોએ પગમાં ગોળી મારી પકડ્યા

## ૨૪ કલાકમાં ૧૪ એન્કાઉન્ટર! લોરેન્સ ગેંગનો શાર્પ શૂટર ઠાર

। (એજન્સી) લખનૌ, તા.૨૯ ।

ઉત્તર પ્રદેશ પોલીસે રાજ્યમાં વધતા ગુનાઓને ડામવા ગુનેગારો સામે અભૂતપૂર્વ કાર્યવાહી કરીને છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ એન્કાઉન્ટર કર્યા છે. આમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના એક શાર્પશૂટરને ઠાર મારવામાં આવ્યો છે, સાથે જ એક ડઝનથી વધુ ગુનેગારોને પગમાં ગોળી મારીને પકડી લેવામાં આવ્યા છે. પોલીસની આ ઝડપી કાર્યવાહીથી ગુનેગારોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. જેથી ઘણા ગુનેગારોએ સામેથી જ પોલીસ સમક્ષ સરેન્ડર કર્યું છે. ઉત્તરપ્રદેશ પોલીસના STF અને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા સંયુક્ત કાર્યવાહીમાં લોરેન્સ ગેંગ સાથે



જોડાયેલ કુખ્યાત ગુનેગાર નવીન પણ ઠાર થયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, નવીન લોરેન્સ ગેંગનો શાર્પ શૂટર હતો અને તેની સામે દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં અડધા ડઝનથી વધુ કેસ ચાલી રહ્યા હતા. યુપી એસટીએફને એક બાતમી મળી હતી કે આ ગુનેગાર હાપુડના કોતવાલી વિસ્તારમાં ફરી રહ્યો છે. જે બાદ યુપી એસટીએફએ દિલ્હી પોલીસ સાથે મળીને તેને ઘેરી લીધો હતો. દરમિયાન, નવીને પોલીસ પર ગોળીબાર કર્યો હતો. જેની જવાબી કાર્યવાહીમાં પોલીસની ટીમે તેના પર ફાયરિંગ કર્યું હતું. પોલીસે આ એન્કાઉન્ટરની શરૂઆત ગુરુવારે યુપીની રાજધાની લખનૌથી કરી હતી. સૌપ્રથમ પોલીસને, ૫ વર્ષની માસૂમ બાળકી પર બળાત્કાર કરીને ફરાર ગુનેગાર કમલ કિશોર વિશે માહિતી મળી હતી. તેના આધારે, પોલીસે તેને માડેગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન, ગુનેગારે પોલીસ પર ગોળીબાર શરૂ કર્યો અને ભાગી ગયો હતો. જોકે પોલીસે બાદમાં તેને શોધી કાઢ્યો હતો. બીજી તરફ, ગાઝિયાબાદ પોલીસે પણ કુખ્યાત લૂંટારુને સામ-સામે ફાયરિંગ કર્યા બાદ પકડી લીધો છે. પોલીસની આ કાર્યવાહી બાદ જાલૌન જિલ્લામાં પણ ગુનેગારોમાં પોલીસનો ડર જોવા મળ્યો હતો. અહીં પોલીસે કોંચમાં નવીન જ્વેલર્સની દુકાનમાં લૂંટ ચલાવનારા બે ગુનેગારોને ઘેરી લીધા હતા. પોલીસે આ ગુનેગારોને સરેન્ડર કરવાનું કહ્યું, પરંતુ ગુનેગારોમાંથી એક ગોલુ ઉર્ફે અજય કુશવાહાના પુત્ર રાજેન્દ્ર કુશવાહાએ પોલીસ પર ગોળીબાર કર્યો હતો. જે બાદ પોલીસે પણ વળતો જવાબ આપ્યો અને અજયને પગમાં ગોળી મારી દીધી હતી. તેને ગોળી વાગતી જોઈને તેનો સાથી રામુ કુશવાહ ધ્રૂજવા લાગ્યો હતો અને તેણે પોતે હાથ ઊંચા કરીને સરેન્ડર કર્યું હતું.

## પાક. માટે જાસૂસી કરતો હતો કોંગ્રેસના પૂર્વ મંત્રીનો પીએ

। (એજન્સી) જેસલમેર, તા.૨૯ ।

ગુપ્તચર એજન્સીઓએ રાજસ્થાનના સરહદી જિલ્લા જેસલમેરમાં એક સરકારી કર્મચારીની વ્યૂહાત્મક અને ગુપ્ત માહિતી આપવાના આરોપસર ધરપકડ કરી છે. ચાલો જાણીએ કે શકુર ખાન ઉર્ફે શકુરિયા કોણ છે અને તે ISIનો પ્યાદો કેવી રીતે બન્યો? આ વાર્તા ફક્ત એક જાસૂસ વિશે નથી, તે એવા દેશદ્રોહીઓ વિશે છે જેઓ સિસ્ટમમાં ઘૂસી ગયા છે અને દેશનો રોટલો ખાય છે પણ પાકિસ્તાનનું મીઠું ખાય છે. જૈસલમેર રાજસ્થાનનો તે વિસ્તાર છે જ્યાં ધગધગતી ગરમી હોય છે, રેતી ઉડે છે અને આપણા સૈનિકો સરહદ પર પોતાનો જીવ દાવ પર લગાવીને ઉભા રહે છે. આ જમીન પરથી એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રોજગાર વિભાગના સરકારી કર્મચારી શકુર ખાન ઉર્ફે શકુરિયા. ધરપકડ બાદ તેને પોલીસ જીપમાં જયપુર લઈ જવામાં આવ્યો હતો. શકુર ખાન પર છેલ્લા ઘણા વર્ષોથી પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI સાથે સંપર્કમાં હોવાનો આરોપ છે. થોડા રૂપિયા માટે, તે ભારતની ગુપ્ત માહિતી, સરહદી ચોકીઓ વિશેની માહિતી, સૈનિકોની તૈનાતીનો ડેટા, બધું જ પાકિસ્તાનને મોકલી રહ્યો હતો.

#### નગર નિગમની ચૂંટણી પહેલાં જ મહાયુતિમાં તિરાડ

## સ્થાનિક ચૂંટણીમાં આમને-સામને થઈ શકે ભાજપ અને અજિત પવાર

### મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનમાં સરકાર ચલાવી રહેલા ભાજપ અને એનસીપીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મામલે બેઠકો ગુમાવવાનો ભય

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

મહારાષ્ટ્રમાં બીએમસી અને સ્થાનિક નગર નિગમની ચૂંટણી પહેલાં જ મહાયુતિમાં તિરાડ પડી છે. મહાયુતિમાં ખેંચતાણ વચ્ચે અજિત પવાર એકલા ચૂંટણી લડવાની તૈયારી બતાવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રીની તાજેતરની મહારાષ્ટ્ર મુલાકાત દરમિયાન ભાજપના ઘણા નેતાઓએ નાયબ મુખ્યમંત્રી અજિત પવાર સામે ફરિયાદો કર્યા બાદ અજિત પવારની પાર્ટી એનસીપી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એકલા હાથે લડવાની અટકળો વહેતી થઈ છે. ભાજપના



નેતાઓએ ગૃહમંત્રી સમક્ષ અજિત પવાર પર ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો વિરોધ કરનારા ઉમેદવારોને ટેકો આપવાનો આરોપ મૂક્યો હતો. જેના કારણે મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ હેલાં જ મહાયુતિમાં તિરાડો પડી છે. બંને પક્ષ વચ્ચે પશ્ચિમ મહારાષ્ટ્ર અને મરાઠાવાડામાં ખેંચતાણ જોવા મળી છે. જ્યાં ભાજપ અને અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી બંને મજબૂત પ્રભાવ ધરાવે છે. પશ્ચિમ મહારાષ્ટ્રમાં ભાજપે ૨૮ અને એનસીપીએ ૧૫ બેઠક જીતી હતી. જ્યારે મરાઠાવાડામાં કુલ ૫૨ બેઠકમાંથી ભાજપે ૧૯ બેઠક અને એનસીપીએ ૮ બેઠક જીતી હતી. મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનમાં સરકાર ચલાવી રહેલા ભાજપ અને એનસીપીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મામલે બેઠકો ગુમાવવાનો ભય વધ્યો છે.

#### જ્યોતિ મલ્હોત્રાનું પહેલું નિવેદન

## વકીલ કુમાર મુકેશે કહ્યું કે જ્યોતિ મલ્હોત્રાએ બધા આરોપોને નકાર્યા

। (એજન્સી) હિસાર, તા.૨૯ ।

પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરાયેલી હરિયાણાના હિસારની યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાએ દાવો કર્યો છે કે તે નિર્દોષ છે. મલ્હોત્રાના વકીલ કુમાર મુકેશે કહ્યું કે જ્યોતિ મલ્હોત્રાએ બધા આરોપોને નકારી કાઢ્યા છે. હવે તપાસ દરમિયાન પોલીસને શું મળ્યું છે તે ચાર્જશીટ પછી જ ખબર પડશે. "જ્યોતિ મલ્હોત્રાએ ગઈકાલે (ગુરુવારે) મને વકીલ તરીકે નિયુક્ત કર્યા છે. તેમણે ગઈકાલે વકાલતનામા પર સહી કરી છે. મેં તે કોર્ટમાં રજૂ કર્યા છે. મેં કેટલાક દસ્તાવેજો માંગ્યા છે, તે કાયદા મુજબ આપવામાં આવશે." કુમાર મુકેશે કહ્યું, "અત્યાર સુધી



બધું જ બધાની સામે છે, પોલીસે FIR દાખલ કરી, ધરપકડ કરી અને રિમાન્ડ પર મોકલ્યા. મોબાઈલ, લેપટોપ જપ્ત કરવામાં આવ્યા છે. બેંક સ્ટેટમેન્ટ લેવામાં આવ્યું છે. આ બધાનો અભ્યાસ કર્યા પછી કંઈક કહેવામાં આવશે." તેમણે કહ્યું, "પોલીસની ફરિયાદ પર ૧૬ મેના રોજ FIR દાખલ કરવામાં આવી હતી અને તે જ દિવસે મારી ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ મને કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. તેને પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવી હતી. ૨૬ મેના રોજ તેને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવી હતી. તે હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે." પૈસા મળવાના પ્રશ્ન પર વકીલે કહ્યું કે જો તે બ્લોગર છે તો તેને પૈસા મળશે, પ્રશ્ન એ છે કે આ પૈસા ક્યાંથી આવ્યા, જો ISI અને પાકિસ્તાની એજન્ટોએ પૈસા આપ્યા હોય તો તે અલગ વાત છે, પરંતુ જો તે બીજે ક્યાંકથી આવ્યા હોય તો તે સ્વાભાવિક છે. ગમે ત્યાંથી કોઈ સ્પોન્સર હોઈ શકે છે. પોલીસ કહેશે કે પૈસા ક્યાંથી આવ્યા. પાકિસ્તાનમાં સુરક્ષા મળવા અંગે વકીલે કહ્યું કે જ્યોતિ મલ્હોત્રાના ઘણા વીડિયો છે, પરંતુ બંને પક્ષોને જાણવું મહત્વપૂર્ણ છે.

#### એક હાથે તાળી ન વાગે : સુપ્રીમ કોર્ટ

## દુષ્કર્મના આરોપી ઈન્ફ્લૂએન્સરને સુપ્રીમે વચગાળાના જામીન આપ્યા

### દિલ્હી પોલીસ દ્વારા આરોપો નક્કી કરવામાં નથી આવ્યા અને કહ્યું કે પીડિતા બાળક નથી અને એક હાથે તાળી ન વાગે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

સુપ્રીમ કોર્ટે બુધવારે ૪૦ વર્ષીય મહિલા પર દુષ્કર્મના આરોપી ૨૩ વર્ષીય ઈન્ફ્લૂએન્સરને વચગાળાના જામીન આપતાં નોંધ્યું કે નવ મહિનાથી જેલમાં હોવા છતાં તેની સામે દિલ્હી પોલીસ દ્વારા આરોપો નક્કી કરવામાં નથી આવ્યા અને કહ્યું કે પીડિતા બાળક નથી અને એક હાથે તાળી ન વાગે. ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે પૂછ્યું કે, 'દિલ્હી પોલીસ સોશિયલ મીડિયા ઈન્ફ્લૂએન્સર યુવક સામે દુષ્કર્મનો કેસ કેવી રીતે નોંધી શકે છે, જ્યારે મહિલા સ્વેચ્છાએ તેની સાથે ગઈ હતી. એક હાથે તાળી ન વાગે... દિલ્હી પોલીસે કયા આધારે IPC ની કલમ ૩૭૬ હેઠળ કેસ નોંધ્યો છે? તે બાળક નથી



૪૦ વર્ષની મહિલા છે. બંને એકસાથે જમ્મુ ગયા હતા. તમે કલમ ૩૭૬ કેમ લગાવી છે? આ મહિલા સાત વખત જમ્મુ જાય છે અને પતિને કોઈ વાંધો નથી?' સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ વચગાળાના જામીન આપવા યોગ્ય છે કારણ કે આરોપી ૯ મહિનાથી જેલમાં છે અને તેની સામે આરોપ નક્કી કરવામાં આવ્યો નથી. આથી આરોપીને ગૌણ અદાલતમાં રજૂ કરવામાં આવે અને શરતો અને નિયમોને આધીન રહીને વચગાળાના જામીન આપવામાં આવે. તેમજ યુવક પોતાની સ્વતંત્રતાનો દુરુપયોગ કરશે નહીં અને મહિલાનો સંપર્ક કરવાનો પ્રયાસ કરશે નહીં.'

#### કહ્યું- એકપણ પ્રોજેક્ટ સમયસર પૂરો નથી થતો

## વાયુસેના પ્રમુખે રાજનાથ સિંહની હાજરીમાં જ નારાજગી વ્યક્ત કરી

### વાયુસેનાના વડાના જણાવ્યા મુજબ, વિલંબથી તેજસ MK1A ફાઈટર એરક્રાફ્ટ સહિત અનેક મોટા પ્રોજેક્ટ્સ પર અસર પડી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે ગુરુવારે (૨૯ મે, ૨૦૨૫) દિલ્હીમાં આયોજિત CII વાર્ષિક વ્યાપાર સમિટને સંબોધતા ભારતની સંરક્ષણ ખરીદીમાં જવાબદારી અને તત્પરતાની માંગ કરી છે. મુખ્ય સંરક્ષણ ખરીદી પ્રોજેક્ટ્સમાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે ઘણી વખત એવું બન્યું છે કે કરાર પર હસ્તાક્ષર કરતી વખતે આપણે જાણીએ છીએ કે આ સિસ્ટમો ક્યારેય આવશે નહીં. એર ચીફ માર્શલે નારાજગી વ્યક્ત કરી અને કહ્યું કે સમયરેખા એક મોટો મુદ્દો છે. એક પણ પ્રોજેક્ટ ક્યારેય સમયસર પૂર્ણ થયો નથી. તેમણે કહ્યું કે જ્યારે કોઈ પ્રોજેક્ટ



સમયસર પૂર્ણ થતો નથી, તો પછી દર વખતે વચનો શા માટે આપવામાં આવે છે? તેમણે સંરક્ષણ પ્રણાલીઓમાં વિલંબના ઘણા કિસ્સાઓનો ઉલ્લેખ કર્યો, ખાસ કરીને સ્વદેશી પ્રોજેક્ટ્સમાં વિલંબના મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો. હવાઈ દળના વડાએ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) કાર્યક્રમનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેજસ Mk-1A ફાઈટર જેટની ડિલિવરી અટકી ગઈ છે, જે ફેબ્રુઆરી ૨૦૨૧માં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) સાથે થયેલા ૪૮,૦૦૦ કરોડ રૂપિયાના કરાર હેઠળ છે. તેમણે માહિતી આપી કે ઓર્ડર કરાયેલા ૮૩ વિમાનોમાંથી, અત્યાર સુધી એક પણ વિમાન ડિલિવર થયું નથી, જ્યારે ડિલિવરી માર્ચ ૨૦૨૪માં શરૂ થવાની હતી. હવાઈ દળના વડાના જણાવ્યા મુજબ, વિલંબથી તેજસ Mk1A ફાઈટર એરક્રાફ્ટ સહિત અનેક મુખ્ય પ્રોજેક્ટ્સ પર અસર પડી છે. એર ચીફ માર્શલ સિંહે કહ્યું કે તેજસ સર નો પ્રોટોટાઈપ હજુ સુધી રોલઆઉટ થયો નથી. સ્ટીલ્થ AMCA ફાઈટરનો કોઈ પ્રોટોટાઈપ હજુ સુધી નથી. હવાઈ દળના વડા માર્શલની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે વાયુસેના સરકારની આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ ઝડપી સ્વદેશીકરણ અને સ્થાનિક ક્ષમતા માટે દબાણ કરી રહી છે.

#### ICCએ અચાનક કરી ટેસ્ટ રેન્કિંગની જાહેરાત

## જો રૂટ ટેસ્ટ રેન્કિંગમાં વિશ્વનો નંબર-૧ બેટ્સમેન બન્યો

### જો રૂટ ૮૮૮ રેટિંગ પોઈન્ટ સાથે ટેસ્ટ રેન્કિંગમાં ટોપ પર : હેરી બ્રુક ૮૭૩ રેટિંગ પોઈન્ટ સાથે બીજા નંબરે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ICC દ્વારા નવી ટેસ્ટ રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. ICC ટેસ્ટ રેન્કિંગમાં ઈંગ્લેન્ડના ટોપ-ઓર્ડરને ઘણો ફાયદો થયો છે. ઈંગ્લેન્ડના મહાન બેટ્સમેન જો રૂટ ટેસ્ટ રેન્કિંગમાં વિશ્વનો નંબર-૧ બેટ્સમેન બન્યો છે. નોટિંગહામમાં ઝિમ્બાબ્વે સામેની એકમાત્ર ટેસ્ટમાં ૫૮ રનની ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડના મહાન બેટ્સમેન જો રૂટ ૮૮૮ રેટિંગ પોઈન્ટ સાથે ટેસ્ટ રેન્કિંગમાં ટોપ પર છે. હેરી બ્રુક ૮૭૩ રેટિંગ પોઈન્ટ સાથે બીજા નંબરે છે. ત્રીજા નંબરે કેન વિલિયમસન (૮૬૭), ચોથા નંબરે યશસ્વી જયસ્વાલ (૮૪૭) અને પાંચમા નંબરે સ્ટીવ સ્મિથ (૮૨૩) છે. ટ્રેન્ટ બ્રિજ ખાતે રમાયેલી ટેસ્ટ મેચમાં જેક ક્રોલી (૧૨૪), બેન ડકેટ (૧૪૦) અને ઓલી પોપ (૧૭૧) એ જોરદાર સદીઓ ફટકારી હતી, જેનો તેમને ટેસ્ટ રેક્કિંગમાં ફાયદો થયો હતો. બેન ડકેટ બે સ્થાનનો ફાયદો થયો છે. તે હાલમાં ૧૩મા સ્થાને છે. ઓલી પોપ છ સ્થાનના ફાયદા સાથે ૨૨મા ક્રમે પહોંચી ગયો છે અને જેક ક્રોલી આઠ સ્થાનના ફાયદા સાથે ૩૩મા ક્રમે પહોંચી ગયો છે. ઈંગ્લેન્ડની ટીમ ભારત સામે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી સાથે તેના નવા ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અભિયાનની શરૂઆત કરશે. ઝિમ્બાબ્વેને ઈંગ્લેન્ડ સામે ઈનિંગ્સ અને ૪૫ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતનો ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ટીમના ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા વિશ્વનો નંબર-૧ ટેસ્ટ બોલર તરીકે યથાવત છે, જ્યારે એટકિન્સન પણ ટેસ્ટ ઓલરાઉન્ડરોની યાદીમાં એક સ્થાન ઉપર આવીને સાતમા સ્થાને પહોંચી ગયો છે.

# તંત્રી લેખ...

## શું કોરોના પાછો આવી રહ્યો છે?

છેલ્લા બે અઠવાડિયામાં ભારતમાં કોવિડ-૧૯ના કેસોમાં વધારો થયો છે. ૨૬ મે, ૨૦૨૫ના રોજ સક્રિય કોવિડ કેસો ડિસેમ્બર ૨૦૨૩ બાદ પહેલી વાર એક હજારને પાર પહોંચી ગયા. આ સમયે દેશભરમાંથી રોજ કોવિડ-૧૯ના લગભગ સો કેસો સામે આવી રહ્યા છે. સિંગાપોર, હોંગકોંગ, થાઈલેન્ડ અને દિક્ષણ કોરિયા જેવા પડોશી દેશોમાં પણ કોરોનાના કેસોમાં વધારો નોંધાયો છે. કોવિડ-૧૯નો હાલનો નાનો વેરિયન્ટ જેએન.૧, ઓમિક્રોન વેરિયન્ટ (બીએ.૧.૫૨૯)નો જ વંશજ છે. અસલમાં ઓમિક્રોન ચિંતાનો અંતિમ વેરિયન્ટ છે, જે નવેમ્બર ૨૦૨૧માં પહેલી વાર મળ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો વાયરસમાં એટલું પરિવર્તન નથી થયું કે તેના કોઈ ઉપ-રૂપને ચિંતાનો વિષય માની શકાય. જેએન.૧ સૌથી પહેલાં લક્ઝમબર્ગમાં ઓગસ્ટ ૨૦૨૩માં મળ્યો હતો અને ભારતમાં તે નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૩માં મળવો શરૂ થયો હતો. જેએન.૧ જેને પિરોલા વેરિયન્ટ પણ કહે છે, મોટાભાગે દિક્ષણ એશિયાઈ દેશો અને દુનિયાના અન્ય હિસ્સામાં કોવિડ-૧૯નો સામાન્ય રીતે પ્રસારિત થનારો વેરિયન્ટ છે. જોકે જેએન.૧ના કેટલાક નવા ઉપવંશજ, જેમ કે એલએફ.૭ અને બીએન.૧.૮ પણ મળ્યા છે. જોકે આ કેસોમાં કોઈ મોટો ચિકિત્સકીય બદલાવ નથી આવ્યો. સાથે જ ૨૦૨૫ના મધ્યની સ્થિતિ પાંચ વર્ષ પહેલાંની તુલનામાં બિલકુલ અલગ છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ‘સિક્કિમ@50’ ઉજવણી કાર્યક્રમને સંબોધિત કર્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગંગટોકમાં ‘સિક્કિમ@50’ કાર્યક્રમને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધિત કર્યો હતો. આ કાર્યક્રમનો વિષય હતો ‘જ્યાં પ્રગતિ હેતુને પૂર્ણ કરે છે, અને પ્રકૃતિ વિકાસને પોષણ આપે છે’. આ પ્રસંગે બોલતા, તેમણે સિક્કિમ રાજ્યની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે આ ખાસ દિવસે સિક્કિમના લોકોને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે તેઓ લોકોના ઉત્સાહ, ઉર્જા અને ઉમંગને વ્યક્તિગત રીતે જોવા માંગતા હતા, પરંતુ ખરાબ હવામાનને કારણે તેઓ હાજર રહી શક્યા નહીં. તેમણે નજીકના ભવિષ્યમાં સિક્કિમની મુલાકાત લેવા અને તેમની સિદ્ધિઓ અને ઉજવણીનો ભાગ બનવાનું વચન આપ્યું હતું. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી કે આજે છેલ્લા ૫૦ વર્ષની તેમની સિદ્ધિઓની ઉજવણી કરવાનો દિવસ છે, તેમણે સિક્કિમના મુખ્યમંત્રી અને તેમની ટીમની ભવ્ય કાર્યક્રમને યાદગાર બનાવવામાં ઉર્જાની પ્રશંસા કરી હતી. તેમણે ફરી એકવાર સિક્કિમના લોકોને તેમના રાજ્યના સુવર્ણ જયંતિ ઉજવણી પર શુભેચ્છા પાઠવી હતી. ‘‘૫૦ વર્ષ પહેલાં, સિક્કિમે પોતાના માટે લોકશાહી ભવિષ્યનું ચિત્રણ કર્યું હતું. સિક્કિમના લોકો માત્ર ભારતના ભૂગોળ સાથે જ નહીં, પણ તેના આત્મા સાથે પણ જોડાયેલા હતા’’, શ્રી મોદીએ જણાવ્યું હતું કે એક માન્યતા હતી કે જ્યારે દરેક અવાજ સાંભળવામાં આવે છે અને અધિકારો સુરક્ષિત થાય છે, ત્યારે વિકાસ માટે સમાન તકો ઉભરી આવે છે. તેમણે જણાવ્યું હતું કે આજે, સિક્કિમના દરેક પરિવારનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશે સિક્કિમની નોંધપાત્ર પ્રગતિમાં આ વિશ્વાસના પરિણામો જોયા છે. ‘‘સિક્કિમ રાષ્ટ્રનું ગૌરવ છે’’, તેમણે જાહેર કર્યું કે છેલ્લા ૫૦ વર્ષોમાં, સિક્કિમ પ્રકૃતિની સાથે પ્રગતિનું મોડેલ બન્યું છે. તે જૈવવિવિધતાના વિશાળ અભયારણ્યમાં પરિવર્તિત થયું છે, ૧૦૦% કાર્બનિક રાજ્યનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે, અને સાંસ્કૃતિક અને વારસાગત સમૃદ્ધિના પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે. શ્રી મોદીએ ભાર મૂક્યો કે આજે, સિક્કિમ દેશમાં સૌથી વધુ માથાદીઠ આવક ધરાવતા રાજ્યોમાંનું એક છે. તેમણે ખાતરી આપી હતી કે આ સિદ્ધિઓ સિક્કિમના લોકોની ક્ષમતાઓનો પુરાવો છે. શ્રી મોદીએ છેલ્લા પાંચ દાયકામાં સિક્કિમમાંથી ઉભરેલા ઘણા સિતારાઓની પ્રશંસા કરી હતી. જે ભારતની ક્ષિતિજને પ્રકાશિત કરે છે. તેમણે સિક્કિમના દરેક સમુદાયના સમૃદ્ધ સંસ્કૃતિ અને સમૃદ્ધિમાં યોગદાનનો સ્વીકાર કર્યો હતો. ૨૦૧૪થી, તેમની સરકારે સબકા સાથ, સબકા વિકાસના સિદ્ધાંતનું પાલન કર્યું છે તેના પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે વિકસિત ભારત માટે સંતુલિત વિકાસની જરૂર છે, જેથી ખાતરી કરી શકાય કે કોઈ પણ ક્ષેત્ર પાછળ ન રહે જ્યારે અન્ય ક્ષેત્ર પ્રગતિ કરી રહ્યું હોય. ‘‘ભારતના દરેક રાજ્ય અને પ્રદેશની પોતાની અનન્ય શક્તિઓ છે, આ દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને, સરકારે છેલ્લા દાયકામાં પૂર્વોત્તરને વિકાસના કેન્દ્રમાં રાખ્યું છે’’, પ્રધાનમંત્રીએ કહ્યું, ‘‘સરકાર ‘એક્ટ ફાસ્ટ’ ની ભાવના સાથે ‘એક્ટ ઈસ્ટ’ નીતિને આગળ વધારી રહી છે’’. દિલ્હીમાં તાજેતરમાં યોજાયેલી ઉત્તરપૂર્વ રોકાણ સમિટને યાદ કરતાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે અગ્રણી ઉદ્યોગપતિઓ અને મુખ્ય રોકાણકારોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જેમણે સિક્કિમ સહિત સમગ્ર પૂર્વોત્તરમાં નોંધપાત્ર રોકાણોની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આગામી વર્ષોમાં, આ સિક્કિમ અને પૂર્વોત્તર ક્ષેત્રના યુવાનો માટે રોજગારની અસંખ્ય તકો ઉભી કરશે. ‘‘આજનો કાર્યક્રમ સિક્કિમની ભાવિ યાત્રાની ઝલક રજૂ કરે છે’’, શ્રી મોદીએ ટિપ્પણી કરતા સિક્કિમના વિકાસને લગતા અનેક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો છે તે વાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ્સ આ પ્રદેશમાં આરોગ્યસંભાળ, પર્યટન, સાંસ્કૃતિક અને રમતગમતની સુવિધાઓમાં વધારો કરશે. તેમણે આ પ્રોજેક્ટ્સના સફળ લોન્ચ બદલ દરેકને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. ‘‘સિક્કિમ, સમગ્ર પૂર્વોત્તર સાથે, ભારતની વિકાસગાથામાં એક ચમકતો અધ્યાય બની રહ્યો છે’’, એમ કહીને પ્રધાનમંત્રીએ કહ્યું કે જ્યાં દિલ્હીથી અંતર એક સમયે પ્રગતિમાં અવરોધ ઉભું કરતું હતું, તે જ પ્રદેશ હવે તકોના નવા દરવાજા ખોલી રહ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ પરિવર્તનનું સૌથી મોટું કારણ કનેક્ટિવિટીમાં સુધારો છે, એક પરિવર્તન જે સિક્કિમના લોકોએ પ્રત્યક્ષ જોયું છે. પ્રધાનમંત્રીએ તે સમયને યાદ કર્યો જ્યારે શિક્ષણ, આરોગ્યસંભાળ અને રોજગાર માટે મુસાફરી એક મોટો પડકાર હતો. જોકે, તેમણે નોંધ્યું કે છેલ્લા દાયકામાં પરિસ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. તેમણે ધ્યાન દોર્યું કે આ સમયગાળા દરમિયાન સિક્કિમમાં લગભગ ૪૦૦ કિલોમીટર નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગો બનાવવામાં આવ્યા છે. ગામડાઓમાં સેંકડો કિલોમીટર નવા રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. અટલ સેતુના નિર્માણથી સિક્કિમનું દાર્જિલિંગ સાથે જોડાણ વધ્યું છે તે નોંધતા શ્રી મોદીએ કહ્યું કે સિક્કિમને કાલિમપોંગ સાથે જોડતા રસ્તા પર કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે બાગડોગરા-ગંગટોક એક્સપ્રેસવે સિક્કિમ જવાનું અને ત્યાંથી જવાનું ખૂબ સરળ બનાવશે. તેમણે આ એક્સપ્રેસવેને ગોરખપુર-સિલિગુડી એક્સપ્રેસવે સાથે જોડવાની યોજનાઓની જાહેરાત કરી.

### સમાજની માનસિકતા માટે આ બધા કારણો એટલાં જ મહત્વનો ભાગ ભજવે છે, પરંતુ મૂળમાં એક સંયુક્ત કુટુંબ પ્રથા તૂટવાનું આ પરિણામ છે

## આજનાં સમયની કડવી વાસ્તવિકતા! “સંબંધોની મારામારી એ જ સૌથી મોટી મહામારી”



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણે ત્યાં સમાજ વ્યવસ્થા રુપ સંયુક્ત કુટુંબ પ્રથા તૂટતા જ સમાજની આ હાલત થઈ છે, એવું લાગે, પહેલા તો લગ્ન કરીને દીકરી સાસરે જાય, એટલે ઓછામાં ઓછાં ૨૫ /૩૦ માણસનું કુટુંબ તેને પ્રાપ્ત થાય, નવાં સંબંધો અને નવાં રિવાજો વચ્ચે કઈ કેટલાય સમાધાન અને સમર્પણ થાય, અને એમ એમ અંદરો અંદર લાગણીના સબંધથી બંધાય.**

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં મોગલ મા નો ૨૯ મો પાટોત્સવ ગયો, અને એ સંદર્ભે બાપુનું પ્રવચન સાંભળ્યું! કેટલી મોટી સંખ્યામાં મા ના ઉપાસકો આ અવસરને ધન્ય બનાવવા આવ્યાં હતાં! અને લગભગ દરેકની પીડ એ જ હતી કે કોઈ પણ ભોગે આપણી સંસ્કૃતિ બચવી જોઈએ! નીતિ ઈમાનદારી પ્રમાણિકતા કે પછી ધર્મ! એ બધાં વિશે ચિંતનમાં ખૂબ લખાયું છે! પણ મૂળ મુદ્દે સનાતન ધર્મને અનુસરવા વાળા પણ જોઈશે! કારણકે આજકાલ આપણી યુવાપેઢી સંતાન નામની જવાબદારીથી દૂર થતી જાય છે! અને એને કારણે આપણા જ દેશમાં આપણી સંખ્યા લઘુમતીમાં આવવાની શક્યતા વધતી જાય છે! બહુ સ્વાભાવિક રીતે જ સ્વતંત્ર વસતાં પરિવારમાં બાળકનો જન્મ થાય! તો એને લઈને માતાપિતા બંનેએ કેટકેટલા સમાધાન કરવા પડે! અને આ સમાધાન પરણીને તરત કોઈને કરવા ન્હોય! પછીથી કોઈ વાર કુદરત પરીક્ષા કરે અને બાળક માટે ઝૂરે!; અને આ બધું જોતાં આવતાં વીસ પચ્ચીસ વર્ષ પછી કાકા કાકી, મામા મામી, ફઈ ફુવા, માસા માસી, ભાઈ ભાભી, એવાં સંબંધો જોવા જ નહીં મળે! અને એટલે જ સુખ સુવિધા લાખ હોવા છતાં બાળક એકલતાને કારણે નાની ઉંમરમાં વ્યસની બની જાય છે, અથવા અભાવને કારણે વિકૃત બને છે, સમાજ માટે એ બંને ખતરનાક પરિસ્થિતિ છે. એ પરથી આજનાં ભારતીય સમાજની એક દયનીય સ્થિતિ વિશે થોડુંક અલગ ચિંતન થયું. આમપણ દુનિયાના ઘણા દેશમાં અને આપણે ત્યાં પણ વળી પાછી મહામારી આવશે તો? એવી દહેશત તોળાઈ રહી છે ત્યારે આપણે હાથે કરીને જે મહામારી નોતરી છે એને વિશે વિચારવું રહ્યું. “”સંબંધોની મારામારી એ જ મોટી મહામારી”” એવા જ એક વન લાઈનર પર આજે ચિંતન કરીશું. આપણે ત્યાં સમાજ વ્યવસ્થા રુપ સંયુક્ત કુટુંબ પ્રથા તૂટતા જ સમાજની આ હાલત થઈ છે, એવું લાગે. પહેલા તો લગ્ન કરીને દીકરી સાસરે જાય, એટલે ઓછામાં ઓછાં ૨૫ /૩૦ માણસનું કુટુંબ તેને પ્રાપ્ત થાય. નવાં સંબંધો અને નવાં રિવાજો વચ્ચે કઈ કેટલાય સમાધાન અને સમર્પણ થાય, અને એમ એમ અંદરોઅંદર લાગણીના સબંધથી બંધાય. સંયુક્ત કુટુંબ પ્રથા તૂટતા કુટુંબો વિભક્ત થયા, એનું એક કારણ સહનશીલતા ઘટી, પિતાનાં ઘરના એશો આરામનાં સાધનોએ પણ સહનશીલતા ઘટાડવામાં મોટો ફાળો ભજવ્યો. ઉપરાંત અંદરોઅંદર પ્રેમની ઉણપ પણ સંબંધને કાપવા માટે મૂળભૂત રહી. પારકામાં પોતાનાં જેવો ભાવ જ્યાં સુધી આવે નહીં, ત્યાં સુધી બધા સંબંધો વેઠવા જેવું લાગે, અને કાયમ તો એવી વેઠ કોઈ પક્ષે શક્ય નથી હોતી. રોજના સંઘર્ષ કરતા છુટા પડવું સારું, એવું સમજી ઘણા કુટુંબો તૂટ્યાં, તો ઘણા સંતાનો વિદેશ ગયા, ઘણા સર્વિસને કારણે અન્ય જગ્યાએ ગયા, આ રીતે પણ સંયુક્ત કુટુંબો વિભક્ત થયા. સંયુક્ત કુટુંબમાં કાર્યની જવાબદારી વહેંચાઈ જતી, પછી એ આર્થિક જવાબદારી હોય, કે શારીરિક જવાબદારી, બંનેના ભાગ પડી જતાં. ઉપરાંત હળીમળીને રહેતા હોવાથી, દુઃખદર્દના સમયે પણ આખો પરિવાર સાથે હોવાથી, ઘણી રાહત રહેતી. કોઈને આર્થિક સમસ્યા આવે, તો એ સચવાઈ જતું. તેમજ કોઈની માંદગી વખતે સેવાચાકરી પણ આરામથી થઈ શકતી, એટલે એમ કહો બધું સચવાઈ જતું. પરંતુ જતું કરવાની ભાવના ઘટી જતાં આ સમસ્યા ગંભીર બની, અને સંબંધોમાં અંદરોઅંદર આગ્રહનાં દ્વન્દ્વ ખેલાયા, અપેક્ષા ઉપેક્ષાના દાવપેચ શરૂ થયાં,તેમજ વસ્તુઓમાં મારું તારુંની ભાવનાનો પ્રવેશ થયો,અને આ બધા કારણોસર કુટુંબમાં આંતરિક વિખવાદ શરૂ થયાં. જેને કારણે રોજ ઘરમાં નાના મોટા લડાઈ ઝઘડા શરૂ થયાં અને સંયુક્ત કુટુંબ પ્રથા તૂટી. સંયુક્ત કુટુંબ તૂટતાં હવે નાના નાના કુટુંબ સ્વતંત્રતા મળતાં, ઘરના પુરુષો અનુશાસન વિરુદ્ધ પણ જવા લાગ્યા. એટલે કે જ્યાં વડીલોની મર્યાદાને કારણે, અમુક સમયે ઘરની બહાર ન રહેવાની, કે અમુક વસ્તુ ખવાય નહીં, પીવાય નહીં, એ બધાં બાદ છૂટતાં જીવન થોડું પતન તરફ ગયું, તો ઘરની સ્ત્રીઓને સ્વતંત્રતા મળી,અને સૌથી વધુ મોટી ભૂલ કમાણીનો અડધા ઉપરનો ભાગ દંભ દેખાડા અને મોજશોખમાં વાપર્યો. ઘરમાં એકલતાને બાળમાનસમાં વિકૃતિ આવી, કારણ માતા-પિતા બન્ને પાસે સમય ન્હતો, અને તે ટીવી, મોબાઈલ જેવા અન્ય ઉપકરણો માંથી ઘણીવાર ન શીખવાનું શીખી જાય, બાળ મૂળ સ્વભાવ હઠ, જીદ, અમુક વસ્તુ તો જોઈએ જ, અને એ ન મળતાં તે હિંસક પણ બની શકે, એટલે કે ક્રોધ કે ગુસ્સામાં ગમે તે વસ્તુનો ઘા કરવો, ગમે તે બોલવું વગેરે, આગળ જતાં મોટું સ્વરૂપ ધારણ કરી શકે.તો પતિ પત્નીના આપસનાં ખટરાગ પણ બાળમાનસમાં અસર કરી શકે, કાર્ય ક્ષમતા ઘટી જતાં, અપેક્ષા ઉપેક્ષાના જાળાંમાં, તું તું મેં મેં થવાની શરુ થાય, એટલે આ પ્રકારના લડાઈ ઝઘડાની અસર પણ બાળક પર થાય. સ્પર્ધાત્મક યુગને કારણે સુપર ચાઈલ્ડ બનાવવા, વધુ પડતું બર્ડન નાખી દેવામાં આવે છે. એનાથી બાળકો ક્યાંયના રહેતા નથી, અને બાળપણ માણી શકવા મળતું નથી. તો ક્યાંક કારકિર્દી માટે નાની ઉંમરથી જ બહાર હોસ્ટેલમાં મૂકી દેવામાં આવે છે, અને ત્યાં આગળ પ્રેમનાં અભાવે કે કુસંગને કારણે વ્યસની થવાની પુરેપુરી શક્યતાં રહે છે. આજનાં સમાજની માનસિકતા માટે આ બધા કારણો એટલાં જ મહત્વનો ભાગ ભજવે છે. પરંતુ મૂળમાં એક સંયુક્ત કુટુંબ પ્રથા તૂટવાનું આ પરિણામ છે,એ સ્વીકારવું થોડું અઘરું પડે છે. બીજું વિભક્ત કુટુંબોનાં છૂટાછેડા પણ આજકાલ બહુ થઈ રહ્યાં છે, મમ્મી પપ્પા બંનેનાં પ્રેમની જરૂર હોય ત્યાં કોઈ એક સાથે રહેવાથી નાની ઉંમરથી બાળકોમાં મનોવિકૃતિ આવતા વિદ્રોહી બનતા ઘર છોડી જવાનાં દાખલા પણ બને છે, પરીક્ષામાં નાપાસ થતાં આત્મહત્યાનાં દાખલા પણ બને છે, તેમજ એકપક્ષી પ્રેમ જેવાં કેસમાં આવા સંતાનો મોટાં થતાં હિંસક બની સામાજિક ગુન્હા કરે છે, પોતાની ધારી વસ્તુ પ્રાપ્ત થાય નહીં, તો બળાત્કાર અને મર્ડર, પણ આગળ ઉપર કરી શકે છે.બાકી જરુરીયાતને નામે ચોરી લૂંટ, તેમજ ક્યાંક પોતાનાં હોદ્દા કે સર્વિસમાં અનીતિ અને ભ્રષ્ટાચાર પણ આચરી શકે, અને એવું થાય છે, એ આપણે જાણીએ પણ છીએ. ટૂંકમાં કહીએ તો આપણી ભૂલનું આ પરિણામ છે. જો આ સંયુક્ત કુટુંબ પ્રથા તૂટી ન્હોત તો, કદાચ આજનાં ભારતીય સમાજની દશા જુદી હોત, દાદા દાદી કે પછી કાકા કાકી, ફઈ તથા તેમના સંતાનોની સાથે ઉછેર થયો હોત,ઉંમર પ્રમાણે બોધ પાઠ ભણ્યા હોત, કેમ બોલવું, કેમ બેસવું, શું ખવાય, શું પીવાય, આ બધી જ વાતો તેઓ ફક્ત બોલીને નહિ પરંતુ આચરણથી દર્શાવે, તો બાળક શીખી પણ શકે. તેમજ આપણા ભારતીય સદગ્રંથોમાંથી નાના-મોટા કિસ્સાઓ, વાર્તાઓ રૂપે સંભળાવે અને એ રીતે પણ બાળકનું ઘડતર કરે. જે કદાચ રામ બનાવી ન શકે, પણ રામ જેવા એકાદ બે ગુણ આવે તો પણ સમાજનું સારુ થાય. ઉપરાંત સૌથી મોટી વાત એ કે પરિવારમાં જે કંઈ આવે તેમાં સૌનો ભાગ પડતો, ઉપરાંત ઘરમાં કામ કરવા આવનારનો પણ ભાગ પાડી બાળકોને શીખ આપતાં, કે કોઈ પણ વસ્તુ કોઈને આપ્યા વગર ખવાય નહીં, આમ સંવેદના નાનપણથી તેનામાં સીંચવામાં આવતી. સંયુક્ત કુટુંબની પ્રથા તૂટવાના કારણે સમાજમાં અનાથાશ્રમ, અને વૃદ્ધાશ્રમોની સંખ્યા વધતી જાય છે, એ ખરેખર એક ચિંતાનો પ્રશ્ન છે. પરંતુ આપણે જો કંઈ નહીં કરીએ તો આ સમસ્યા હજી વધુ ગંભીર અને ઘેરી બનતી જશે. બાળકોને માત્ર સાધન ન આપતાં, સમય પણ આપીએ. આ ઉપરાંત તેના માનસમાં કોઈ ખોટી છાપ ન પડે, તેનું ધ્યાન રાખીને જીવન જીવીએ. ભારતીય સમાજ ફરી પાછો હતો એવો સુંદર, સુદ્રઢ અને સમૃદ્ધ બને, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### વર્તમાનમાં જડાલના ગુરુ વધુ માં વધુ શિષ્યો બનાવીને પોતાની યોગ્યતાનું પ્રમાણ દેખાડે છે, એટલે કે દરેક ચાર કથા શીખી લે છે

## જવાબદારી જેના માથા ઉપર છે તેને સબંધો જાળવી રાખવા માટે ક્યારેક આંધળા, બહેરા, મુંગા પણ બનવું પડે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ગુજરાતમાં મેઘરાજાની પધરામણી વહેલી થઈ ગઈ છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો પૃથ્વી લોક પર કોઇ પણ સંપ્રદાયમાં સંતો તથા ગ્રંથોનો સાર એ જ કે પૂર્ણ ગુરુ જેની પાસે ત્રણેય નામ હોય અને નામ આપવા અંગેનો અધિકાર આદેશ હુકમ પણ હોય એવા પૂર્ણ ગુરુથી જ નામ ગ્રહણ કરીને જીવે જન્મ મૃત્યુરૂપી રોગ થી છુટકારો મેળવવો જોઇએ.**

દેશના ઉત્તરીય ભાગમાં હવામાન માં પલટો આવ્યો છે ગઈકાલે વડાપ્રધાન સિક્કીમ જવાના હતા પણ આવા સંજોગોમાં તેમનીએ મુલાકાત બંધ રહી તો યુ.કે.માં વસતા આઠ લાખ જેટલા ગુજરાતીઓ માટે માઠા સમાચાર વિઝાના નિયમોમાં મોટો ફેરફાર થયો છે.. ગુજરાતમાં મેઘરાજાની પધરામણી વહેલી થઈ ગઈ છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો પૃથ્વી લોક પર કોઇ પણ સંપ્રદાયમાં સંતો તથા ગ્રંથોનો સાર એ જ કે પૂર્ણ ગુરુ જેની પાસે ત્રણેય નામ હોય અને નામ આપવા અંગેનો અધિકાર આદેશ હુકમ પણ હોય એવા પૂર્ણ ગુરુથી જ નામ ગ્રહણ કરીને જીવે જન્મ મૃત્યુરૂપી રોગ થી છુટકારો મેળવવો જોઈએ કારણ કે અમારો ઉદ્દેશ તમને કાળની કારાગાર-જેલમાંથી મુક્ત કરાવીને આપણા મૂળ માલિક કવિદેવ કબીર સાહેબના સતલોક ને પ્રાપ્ત કરાવવાનો છે. કવિર્દેવે પોતાની વાણીમાં કહ્યું છે કે એક જીવને કાળસાધનાથી છોડાવી, પૂર્ણ ગુરુની શરણમાં લાવી ઉપદેશ અપાવવાનું પુણ્ય ફળ એટલું બધું થાય છે કે જેટલું કરોડ ગાય,બકરાં વગેરે પ્રાણીઓ ને કસાઈથી છોડાવવાથી થાય છે. કારણ કે આ અબોધ જ્ઞાનહીન માનવ શરીરધારી પ્રાણી ખોટા ગુરુઓ દ્વારા બતાવવામાં આવેલ શાસ્ત્ર વિરુદ્ધ સાધનાથી કાળની જાળમાં ફસાયેલા રહીને ન જાણે કેટલીય દુઃખદાયક ચૌર્યાસી લાખ યોનિઓ ના કષ્ટ -દુઃખદાયક પીડાઓને સહન કરતો રહે છે. જ્યારે આ જીવાત્મા કવિંદેવની શરણમાં પૂર્ણગુરુના માધ્યમ દ્વારા આવી જાય છે, નામથી જોડાઈ જાય છે.તે પછી તેના જન્મ તથા મૃત્યુના કષ્ટ સદાય માટે સમાપ્ત થઈ જાય છે. તથા સત્ લોકમાં વાસ્તવિક પરમ શાંતિને પ્રાપ્ત કરે છે.હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે વર્તમાનમાં જડાલના ગુરુ વધુ માં વધુ શિષ્યો બનાવીને પોતાની યોગ્યતાનું પ્રમાણ દેખાડે છે. એટલે કે દરેક ચાર કથા શીખી લે છે. અને કહે છે કે હું પણ નામ આપું છું અને આવી રીતે ભોળી આત્માઓને કાળ બ્રહ્મનીજાળમાં નાખી દે છે. કારણ કે શાસ્ત્રો વિરુદ્ધ નામ ઉપદેશ આપવાવાળા અને જપવાવાળા તમામ નિઃશંક પણે નરકના બનશે અને તેમને નરકમાં ઉંધાલટકાવવામાં આવશે. આ કથન શાસ્ત્ર ગીતા વેદ તથા સર્વ ગ્રંથ બતાવે છે. આ જ કથન ને સાબિત કરવા માટે ટૂંકી કથા સંભળાવું છું. એક સમયની વાત છે. બધાને ખબર પડી કે રાજા પરીક્ષિતને સાતમા દિવસે સાપ અને તેનું મૃત્યુ થશે. આ વાતની જાણ થતા બધા એ વિચાર્યું કે સાત દિવસ સુધી રાજા પરીક્ષિતને ભાગવતની કથા સંભળાવવામાં આવે. જેથી તેનો મોહ અહીંથી દૂર થઈ જાય અને પ્રભુના ચિંતનમાં લાગી જાય કારણ કે મૃત્યુ સમયે જેની જેવી ભાવના કે હોય છે તેવી તેને પ્રાપ્તિ થાય છે.આમ બધાએ આ બાબતને અતિ ઉત્તમ કહી સમર્થન આપ્યું પરંતુ હવે પ્રશ્ન એ ઊભો થયો કે કથા કરશે કોણ ? આ પ્રશ્ન ઉપર પ્રશ્નાર્થચિહ્ન લાગી જાય છે. તે સમયે ત્યાં ઉપસ્થિત તમામ મહર્ષિઓ એટલે સુધી કે શ્રીમદ્ ભાગવત સુધા સાગરના રચિયતા મહર્ષિ વેદ વ્યાસે પણ પોતાને કથા સંભળાવવા યોગ્ય નથી કારણ કે તેઓ જાણતા હતા કે તેઓની અંદર સમર્થતા નથી. તો શા જીવના જીવનને નષ્ટ કરી પાપના ભાગીદાર બનીએ કે દિવસે પરિણામ આવવાનું હતું. એટલા માટે સાત દિવસ સુધી કથા સંભળાવવાની કોઈની પણ હિંમત ઈ નહી. કારણ કે બધાને પોતાની હેસિયતની ખબર હોય છે.સ્વર્ગથી શુકદેવજીને ભાગવત ની કથા કરવા માટે બોલાવવામાં આવ્યા અને ત્યારે રાજા પરીક્ષિત નો મોહ અહીંથી દૂર થયો અને સ્વર્ગની પ્રાપ્તિ થઈ. સ્વર્ગમાં સુખ ભોગવ્યા પછી પાછા નરકમાં અને પછી લખચોર્યાસીમાં ફેરા મારશે. આ અહીંનો હાર્ડ એન્ડ ફાસ્ટ ફુલ છે એટલે કે અટલ પાકકો નિયમ છે. આ સ્વર્ગ વાળી પ્રાપ્તિ પણ ત્રણ લોકના પૂર્ણગુરુ વગર મળી શકતી નથી.દાખલા તરીકે જ્યારે કોઈ જગ્યાએ પ્રધાનમંત્રી આવી રહ્યા હોય તો તેમના આગમન પહેલા બે-ત્રણ સારા વક્તા-ગાયક કે તબલા-વાજું વગાડનારા હોય છે. જે ખૂબ મધુર અને આકર્ષિત અવાજથી જોનારાઓ ને પ્રભાવિત કરે છે, પરંતુ તે જે કહી રહ્યા છે તેમાંથી એક પણ વાત કરવામાં સક્ષમ નથી પરંતુ જ્યારે પ્રધાન મંત્રી આવે છે, ત્યારે તેઓ ઓછામાં ઓછા શબ્દોમાં કહે છે કે ગાંધીનગરમાં આંતર રાષ્ટ્રીય કોલેજ, અમદાવાદમાં આંતર રાષ્ટ્રીય યુનિવર્સિટી, રાજકોટ ભાવનગરમાં બુલેટ ટ્રેન ચાલુ કરી દો. પાલનપુરમાં એરપોર્ટ વલસાડમાં આદિવાસી સમાજ યુનિવર્સિટી બનાવી દો વગેરે વગેરે.ફક્ત એટલું કહીને પી.એમ. સાહેબ ચાલ્યા જાય છે. તેમના કહેવાથી જ આ કામ શરૂ થઈ જાય છે. કારણ કે તેમાં શક્તિ છે અને જો આ વાત તમારા અને મારા જેવી સામાન્ય વ્યક્તિ કહે તો એ પણ આપણી મોટી મુર્ખામી હશે, કારણ કે આપણા વચનમાં એટલી શક્તિ નથી હોતી. જ્યારે પ્રધાનમંત્રી માટે આ બધી સાધારણ વાત છે. આ તથ્યોને સાબિત કરવા માટે થોડી નીચે મુજબની વાણી ખાસ વાંચો અને ઊંડો વેચાર કરો તથા તાત્કાલિક ગુરુ મંત્ર મેળવો. કબીર, પંડિત ઔર મશાલચી, દોનો સૂઝે નાહિં। ઔરોને કરે ચાંદના, આપ અંધેરે માંહિ કબીર, કરણી તજ કથની કથે, અજ્ઞાની દિન રાત। કુકર જો ભોક્ત ફિ, સુની સુનાઈ બાત?ગરીબ, બીજક કી બાતાં કહે, બીજક નાહિ હાથ। પૃથ્વી ડોબન ઉતરે, કહે-કહે મીઠી બાત ॥ ગરીબ, બીજક કી બાતાં કહે, બીજક નાહિ પાસ। ઔરો કો પ્રોધ હી, આપન ચલે નિરાશ ગરીબ, કથની કે રે ઘને,કથૈ અટમ્બર જ્ઞાન બાહર જવાબ આવે નહીં, લીદ કરે મેદાન કથા કરવી અને નામ ઉપદેશ આપવો કોઈ નાના બાળકોની રમત નથી, કે બગલમાં પોથી ઘાલીને નીકળી પડ્યા કે ચાલો હું પણ કથા કરી આપું છું, ચાલો હું પણ રામાયણનો પાઠ કરી આપું છું, ગીતાજીનો પાઠ કરી આપું છું, દેવી ભાગવતનો પાઠ કરી આપું છું એટલે કે સત્સંગ કરી છું અને નામ પણ આપું છું વગેરે વગેરે. પૂર્ણ સંતને જ કથા કરવાનો કેમ કે કે પૂર્ણ સંતના શબ્દોમાં શક્તિ હોય છે. જેમ શુદેવના શબ્દમાં હતી. જેમ કે કોઈ અને ઉપદેશ આપવાનો અધિકાર હોય છે અને તે કથાનું સમાપન પણ તે જ કરી શકે છે. સત્સંગ કરે અને માની લો તેમાં કેરીના ગુણ છે. બતાવે છે કે કેરી ખૂબ મીઠી હોય છે, ફળોનો રાજા હોય છે, તેનો રંગ પીળો હોય છે. વગેરે વગેરે. અને જો કોઈ આવીને કહે કે લાવો ભાઈ કેરી આપો તો તે સત્સંગ કરવા વાળો કહે કે મારી પાસે તો કેરી નથી ‘પછી લેવા વાળો કહે કે ‘ક્યાં મળશે ?તેને જવાબ મળે કે ખબર નથી.’ કેરી તો નિરાકાર છે દેખાતી નથી. પછી લેવા વાળો કહેશે કે ‘અરે નાદાન -મૂર્ખ જ્યારે તારી પાસે કેરી છે. નહિ અને તને કેરી ક્યાં મળશે તેની ખબર પણ નથી, જોડે જોડે એમ પણ કહેશે કે શકય છે, તો ખોટી બૂમો પાડતો કેમ ફરી રહ્યો છે ?’ કહેવાનો મતલબ એ છે કે જે તત્ત્વજ્ઞાન રહિત છે તથા કથા કરવાનો કોઈ અધિકાર નથી છતાં કથા કરે છે તો અધિકાર વગરનો કથાકાર તથા તેના મુખેથી કથા સાંભળવા વાળા બધા નરકના અધિકાર અને છે.જ્યારે કોઈ વ્યક્તિ પોતાની જાતે જ ગુરુ બની ને શિષ્ય બનાવી લે છે. તો સમજો કે તે પોતાના માથા ઉપર ભાર ચઢાવી લે છે.કેમ કે પરમેશ્વરનો નિયમ છે કે જયાં સુધી શિષ્ટ પાર નહી થાય ત્યાં સુધી ગુરુને વારંવાર જન્મ લેતા રહેવું પડે છે. પૂર્ણગુરુ અધૂરા શિષ્યોર્થ છુટકારો મેળવવા માટે એવી લીલા કરતા રહે છે, જેનાથી અજ્ઞાની શિષ્યોને ગુરુ પ્રત્યે નફરત થઈ જાય છે. જેમ કે કબીર સાહેબ જ્યારે કાશીમાં પ્રગટ થયા હતા તે સમયે કબીર સાહેબના ચૌસઠ લાખ શિષ્યો બની ગયા હતા. તેમની પરીક્ષા લેવા માટે કબીર સાહેબે કાશી શહેરની એક વિખ્યાત વેશ્યાને સતસંગ જ્ઞાન સમજાવવા માટે તેના ઘરે જવાનું શરૂ કરી દીધું જેને જોઈ તથા સાંભળીને તેમના શિષ્યોના ચેલાઓના હૃદયમ ગુરુ પ્રત્યે નફરત પેદા થઈ ગઈ અને બધાનો પોતાના ગુરુ ઉપરનો વિશ્વાસ તૂટી ગયો ફક્ત બે જણા ને છોડી બધા શિષ્યો ગુરુ વગરના થઈ ગયા. વાચક ચાહક મિત્રો આજે ગમે ત્યાં ગમે તેના મોક્ષાર્થે લાભાર્થે ભાગવત કથા થાય ત્યારે કથા અને ગુરુ શિષ્ય બાબતે કેવા નિયમ તે થોડું પરિક્ષિત રાજાના જીવન પરથી જાણ્યું..આ વાત ગમે તો ધન્યવાદ મને ગમી એટલે જ રજૂ કરી છે. રાજયમાં આઠ હજારથી વધુ ગ્રામ પંચાયતની સામાન્ય- પેટા ચૂંટણી જાહેર થતાં આચાર સંહિતા લોકો અને ભરતી બઢતી બદલી વિકાસ કામો પર લાગુ થશે પણ નેતાઓ સોરી લોકસેવકો તો બધું જ કરી શકશે. સમજાય તો ધન્યવાદ બાકી જય શ્રી રામ..આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# અરિજીત સિંહ બનાવશે રેકોર્ડ લંડનના સ્ટેડિયમમાં પરફોર્મ કરનારો પહેલો ઈન્ડિયન સિંગર

પોપ્યુલર સિંગર અરિજીત સિંહ દુનિયાભરમાં ઈતિહાસ રચવા જઈ રહ્યા છે. ૫ સપ્ટેમ્બરે તેઓ બ્રિટનના ટોટનહામ હોટસ્પર સ્ટેડિયમમાં પરફોર્મ કરવા જઈ રહ્યા છે. અરિજિત સિંહ આ વર્ષે લંડનના પ્રખ્યાત સ્ટેડિયમમાં નવો રેકોર્ડ બનાવવા જઈ રહ્યા છે. હોટસ્પર સ્ટેડિયમમાં મોસ્ટ અવેટેડ સંગીત કાર્યક્રમમાં પોતાનો અવાજથી ચાહકોને મંત્રમુગ્ધ કરશે. વર્ષ ૨૦૨૪ માં, ગાયકે લંડનમાં O2 એરેના શોમાં ભાગ લીધો હતો જેણે ઘણી બધી હેડલાઈન્સ બનાવી હતી આ કાર્યક્રમ અરિજિતનો આ વર્ષનો પહેલો યુરોપિયન કાર્યક્રમ હશે, જે હવે સૌથી વધુ રાહ જોવાતી સંગીત કાર્યક્રમ બની ગયો છે. આ સમાચાર આવ્યા બાદ તેમના ચાહકોમાં આનંદની લહેર ફેલાઈ ગઈ છે. લંડનમાં રહેતા તેમના ચાહકો હવે આ કાર્યક્રમની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સિંગરના લંડનના આ કોન્સર્ટ માટે ૬ જૂન ૨૦૨૫ ના બપોર પછીથી બુકિંગ શરુ થવાનું છે.આ કોન્સર્ટ પર મીડિયા સાથે વાત કરતા ગાયકે કહ્યું- ‘હું એક સામાન્ય માણસ છું જે ગીતો ગાય છે, હું આ તક માટે ખૂબ જ નમ્ર અનુભવું છું કે હું ફરી એકવાર લંડનમાં મારા ગીતો રજૂ કરીશ, જો આનો અર્થ ઈતિહાસ રચવાનો છે તો હું તેના માટે આભારી છું.’વર્ષ ૨૦૨૪ માં, ગાયકે લંડનમાં ૅ૨ એરેના શોમાં ભાગ લીધો હતો જેણે ઘણી બધી હેડલાઈન્સ બનાવી હતી, તેણે બ્રિટિશ પોપ ગાયક ઈદ્બ શીરન સાથે સ્ટેજ શેર કર્યો હતો.લાઈવ નેશનના અહેવાલ મુજબ, અરિજિત સ્પોટાઈફ પર વિશ્વભરમાં સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતા ગાયક બન્યા છે. તેમના લગભગ ૧૪૦ મિલિયન ફોલોઅર્સ છે.આ સાથે, અરિજિત સિંહ આ સિદ્ધિ મેળવનાર પ્રથમ હિન્દી ગાયક બન્યા છે. આ કિસ્સામાં, તેમણે પ્રખ્યાત સેલિબ્રિટી ટેલર સ્વિફ્ટ, ED શીરન અને એરિયાના ગ્રાન્ડેને પાછળ છોડી દીધા છે.



## આલિયા ભટ્ટે કેન્સના કેઓસની પણ વાતો કરી

# આલિયાનું ફહાદ ફાઝિલ સાથે કામ કરવાનું સપનું






**આ થોડી વિચિત્ર વાત છે, ખબર નહીં કેમ પણ કેઓસ હંમેશા મને શોધી જ લે છે**

આલિયા ભટ્ટ કેન્સ ફિલ્મ ફેસ્ટિવલની ક્લોસિંઝ સેરેમનીમાં હાજરી આપી હતી. તેણે લોરિઅલ પેરિસ બ્રાન્ડની ઈવેન્ટમાં હાજરી આપી હતી. સોમવારે વોગ મેગેઝીન દ્વારા યુટ્યુબ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો, જેમાં આલિયા તૈયાર થતી હતી. આ લૂકમાં તેણે ગુચી દ્વારા તૈયાર થયેલી પહેલી કસ્ટમાઈઝ્ડ સાડી પહેરી હતી. આ પાંચ મિનિટના વીડિયોમાં આલિયા કહે છે, ‘‘આજે કેન્સ ફિલ્મ ફેસ્ટિવલની ક્લોઝિંગ સેરેમની છે. હું આ વર્ષે પહેલી વખત કેન્સમાં આવી છું. બિલકુલ હું આ અંગે બહુ ઉત્સાહીત હતી, થોડી નર્વસ પણ હતી. આ પ્રકારના કેઓસમાં મને બહુ મજા આવે છે.’’આલિયાએ આગળ કહ્યું, ‘‘આ થોડી વિચિત્ર વાત છે, ખબર નહીં કેમ પણ કેઓસ હંમેશા મને શોધી જ લે છે. થોડી જ વાર પહેલાં છેલ્લાં ચાર કલાકથી અમારે ત્યાં લાઈટ નહોતી. તેથી અમિત (અમિત ઠાકુર - ધ હેરસ્ટાઈલિસ્ટ)અહીં મારા એક્સ્ટેન્શન લેતો હતો, તો એણે બહાર સૂર્યના તાપમાં એને ગોઠવ્યા, જેથી ગરમ થઈ શકે, કારણ કે અમારે લાઈટ નહોતી. હમણા છેક લાઈટ આવી છે.’’બીજી તરફ આલિયાએ એક ઈન્ટરવ્યુમાં મલિયાલમ સુપરસ્ટાર ફહાદ ફાઝીલ સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આલિયા અને રણબીર બંને ફહાદના ફૅન્સ છે, ત્યારે આલિયાએ ફહાદને એક અદભુત કલાકાર ગણાવ્યો હતો. કેન્સ દરમિયાન આલિયાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું, ‘‘ફહાદ ફાઝિલ એક એવો કલાકાર છે, એ અને એમનું કામ ખરેખર મને બહુ ગમે છે. મને લાગે છે આવેશમ મારી ફેવરીટ ફિલ્મ છે અને એમાં એનો રોલ માની ન શકાય એવો હતો. ક્યારેક એની સાથે કામ કરવાની મારી ઈચ્છા છે.’’ આલિયાએ ડાર્લિંગમાં તેની સાથે કામ કરી ચુકેલા રોશન મેથ્યુ અંગે પણ વાત કરી હતી. તેણે કહ્યું, ‘‘ઘણા કલાકારો અને ઘણા ટેલેન્ટેડ લોકો છે. હું નસીબદાર હતી કે મને ડાર્લિંગ્ઝમાં રોસન મેથ્યુ સાથે કામ કરવા મળ્યું. એ બિલકુલ એક અદભુત કલાકાર છે. તેણે મલયાલમ સિનેમામાં ઘણું કામ કર્યુ છે. હવે તે હિન્દીમાં પણ ઘણું સારું કામ કરી રહ્યો છે.’’પ્રાદેશિક ફિલ્મના કલાકારો સાથે કામ કરવા બાબતે આગળ આલિયાએ કહ્યું, ‘‘પેન્ડેમિકે મને એક બાબત શીખવી, તે એવી છે કે આપણે બધાં એક જૂથ છીએ, હવે કન્ટેન્ટ નવા પ્લેટફર્મ પર આવી રહ્યું છે અને એ ગ્લોબલ પ્લેટફર્મ છે, જ્યાં બધાં જ તેને જોઈ શકે છે - તો બધા પાસે ઘણું જોવાનું છે. તમે તમારી ઈચ્છા મુજબ તમને ગમે તે કન્ટેન્ટ જોઈ શકો છો.’’

# ‘કૂલી’માટે સુપરસ્ટાર રજનીકાંતે ૧૫૦ કરોડ જેવી અધધ ફી વસૂલી

**આ ફિલ્મની ટીમ ખાસ તકેદારી રાખે છે કે તેઓ ફિલ્મની કોઈ જ માહિતી કે ફિલ્મની વાર્તા અંગે કોઈ પણ માહિતી જાહેર ન થઈ જાય**



૨૦૨૫માં જે ફિલ્મની સૌથી વધુ રાહ જોવાતી હોય તેમાં ડિરેક્ટર લોકેશ કનગરાજની ફિલ્મ ‘કૂલી’નો પણ સમાવેશ થાય છે. તેમાં સુપરસ્ટાર રજનીકાંત લીડ રોલમાં છે. હાલ આ ફિલ્મ પોસ્ટ પ્રોડક્શનના તબક્કામાં છે. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ થવાની છે. અતિ વિશાળ બજેટ સાથે બની રહેલી આ ફિલ્મ સાથેની અપેક્ષાઓ પણ આકાશને આંબે એટલી ઊંચી છે. તેમાં રજનીકાંત ઉપરાંત નાગાર્જૂન, ઉપેન્દ્ર, શૌબિન સાહિર, સથ્યરાજ અને શ્રુતિ હસન સહીતના કલાકારો છે. એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મમાં આમિર ખાન પણ એક કેમિયો કરવાનો છે. રજનીકાંત અને લોકેશ કનગરાજ પહેલી વખત સાથે કામ કરવાના છે, તેથી પણ તેમના ચાહકો ઘણા ઉત્સાહીત છે. જે આ પહેલાં ‘કૈથી’, ‘માસ્ટર’, ‘વિક્રમ’ અને ‘લિઓ’ જેવી ફિલ્મ બનાવી ચુક્યા છે.આ ફિલ્મની ટીમ ખાસ તકેદારી રાખે છે કે તેઓ ફિલ્મની કોઈ જ માહિતી કે ફિલ્મની વાર્તા અંગે કોઈ પણ માહિતી જાહેર ન થઈ જાય. આ ફિલ્મનું ટીઝર તાજેતરમાં રિલીઝ કરવામાં આવ્યું છે એમાં પણ કેટલીક આછેરી ઝલક મળી છે, ફિલ્મની વાર્તા વિશે બહુ ખ્યાલ આવતો નથી. ત્યારે હવે એવા અહેવાલ આવી રહ્યા છે, જેનાથી અંદાજ આવે છે કે આ ફિલ્મ કેટલી મોટા બજેટમાં બની રહી છે. તાજેતરના અહેવાલ મુજબ આ ફિલ્મ ૩૫૦ કરોડના મહાકાય બજેટ સાથે બની રહી છે. તેમાં રજનીકાંત અને કનગરાજની ફીનો પણ સમાવેશ થાય છે. એવો અહેવાલ છે કે આ ફિલ્મ માટે રજનીકાંતે ૧૫૦ કરોડની ફી નક્કી કરી છે, જ્યારે લોકેશને આ ફિલ્મ ડિરેક્ટ કરવા માટે ૫૦ કરોડ ફી પેટે મળશે, જે કોઈ ડિરેક્ટર માટે એક ઐતિહાસિક રકમ માનવામાં આવી રહી છે. બાકીના ૧૫૦ કરોડમાં ફિલ્મની પ્રોડક્શન કોસ્ટ અને બાકીના કલાકારો અને ટેક્નિકલ ટીમના વળતરનો સમાવેશ થાય છે. આ અહેવાલો અનુસાર આ રકમમાં હજુ ફિલ્મના પ્રમોશનના ખર્ચને તો ગણવામાં જ આવ્યો નથી. તે લગભગ ૨૫ કરોડ જેટલો હોવાનો અંદાજ છે. આ ફિલ્મ મોટા બજેટમાં બનતી હોવા છતાં ફિલ્મે અત્યારથી કેટલીક કમાણી પણ કરી લીધી છે. ‘કૂલી’ના કેટલાક અધિકારો વેંચાઈ ગયા છે અને બાકીની બધી જ રકમનું વળતર થિએટરમાંથી વસુલ કરાવની ફિલ્મની ટીમની ગણતરી છે, આ ફિલ્મના ઓટીટીના અધિકારો ૧૩૦ કરોડમાં વેંચાયા છે. જ્યારે સેટેલાઈટ ડીલમાં ૯૦ કરોડ તેમજ મ્યુઝિકના રાઈટ્સમાં પ્રોડક્શન હાઉસે ૨૦ કરોડની કમાણી કરી લીધી છે.

# ફિલ્મ દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાએ દીપિકા પાદૂકોણ પર જાહેરમાં ગુસ્સો ઠાલવ્યો

**સંદીપ રેડ્ડી વાંગા અને ટી-સિરીઝ દ્વારા જાહેરાત કરવામાં આવી કે તેમણે આ ફિલ્મ માટે નવી હિરોઇન શોધી લીધી છે**



દીપિકા પાદુકોણ પ્રભાસ અને સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ ‘સ્પિરિટ’માં લીડ રોલમાં આવવાની હતી એવી જાહેરાત થઈ ત્યારથી જ લોકો આ ફિલ્મ સફળ રહેશે એવી અપેક્ષાઓ રાખીને બેઠાં હતાં. પરંતુ ગયા અઠવાડિયાથી એવા અહેવાલો આવવાના શરૂ થયાં કે દીપિકાએ ફિલ્મ છોડી દીધી છે. ત્યારે બીજી તરફ સુત્રોના અધારે નામ આપ્યા વિના એવા પણ અહેવાલો આવતા થયા હતા કે દીપિકાના અનપ્રોફેશનલ વર્તનને કારણે વાંગાએ તેને આ ફિલ્મમાંથી કાઢી નાખી છે. ત્યારે દીપિકાના ફૅન્સ તેની તરફેણ કરી રહ્યાં હતાં. ત્યાર પછી નવા અહેવાલ એવા પણ આવ્યા કે આ ફિલ્મમાં દીપિકાને બદલે તૃપ્તિને લઈ શકાય છે. પરંતુ સોમવારે રાત્રે સંદીપ રેડ્ડી વાંગાએ એક્સ પર ગુસ્સામાં એક ટ્વીટ કર્યુ અને આ મુદ્દો ફરી ચર્ચામાં આવી ગયો.દીપિકાએ આ વર્ષની શરૂઆતમાં જ આ ફિલ્મ સાઈન કરી હતી અને ‘કલ્કિ’ પછી તેની આ બીજી તેલુગુ ફિલ્મ હતી અને આમાં પણ તે પ્રભાસ સાથે કામ કરવાની હતી. ત્યારે સુત્રોના આધારે એવા અહેવાલ આવવાના શરૂ થયા હતાં કે, ‘‘દીપિકાએ સ્પિરિટ માટે દિવસમાં છ કલાકથી વધુ કામ કરવાની ના પાડી એમાં સંદીપ રેડ્ડી વાંગાને આંચકો લાગી ગયો હતો. એટલું જ નહીં, દીપિકાની એજન્સી દ્વારા તેણે કરારમાં સુધારાની માગણી કરવાની શરૂ કરી દીધી હતી. તેમાં એક માગણી એવી હતી કે, જો ફિલ્મનું શૂટ ૧૦૦ દિવસથી વધુ લાંબુ ચાલે તો દીપિકા દરેક દિવસનું વધારાનું વળતર લેશે.’’ આ ઉપરાંત સુત્રોએ એવા પણ દાવા કર્યા હતા કે દીપિકા દિકરી દુઆ સાથે સમય મેળવવા માટે આ પ્રકારની શરતો રાખે છે.શનિવારે સંદીપ રેડ્ડી વાંગા અને ટી-સિરીઝ દ્વારા જાહેરાત કરવામાં આવી કે તેમણે આ ફિલ્મ માટે નવી હિરોઈન શોધી લીધી છે - તૃપ્તિ ડિમરી. સંદીપ રેડ્ડી વાંગાએ એક્સ પર જાહેરાત કરી કે તૃપ્તિ ડિમરી સ્પિરિટમાં લીડ રોલ કરશે. તેણે લખ્યું, ‘‘મારી ફિલ્મની લીડ હિરોઈન હવે ઓફિશિયલ છે.’’ તૃપ્તિએ પણ આ પોસ્ટ શેર કરી હતી અને ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું, ‘‘હજુ પચાવવાની કોશિશ કરી રહી છું.આ સફરમાં મારા પર વિશ્વાસ મુક્યો એટલે ઘણી આભારી છું. આભાર સંદીપ રેડ્ડી વાંગા..તમારી ક્લપનાનો ભાગ બનવા માટે ગૌરવ અનુભવું છું.’’ સંદીપ રેડ્ડી વાંગા સાથે તૃપ્તિની એનિમલ પછી આ બીજી ફિલ્મ હશે.એવા પણ અહેવાલો હતા, જેમાં સ્પિરિટના પ્લોટ અને પ્રાથમિક વાર્તા સાથે પ્રભાસ એક પોલિસ ઓફિસરનો રોલ કરે છે. સાથે ફિલ્મમાં લીડ જોડી વચ્ચે કેટલાંક બોલ્ડ સીન પણ છે. એવું માનવામાં આવે છે કે આ બોલ્ડ સીન જ ફિલ્મને વધુ રસપ્રદ બનાવશે.સોમવારે રાત્રે સંદીપ રેડ્ડી વાંગાએ એક્સ પર વધુ એક ટ્વીટ કરી અને દાવો કર્યો કે દીપિકાના કારણે ફિલ્મની સ્ટોરી લીક થઈ.

## દીપિકાના બદલે તૃપ્તિને લેવાની જાહેરાત પણ કરી



જોકે, તેણે કોઈ ચોક્કસ એક્ટરનું નામ લીધું નહીં. તેણે એક્સ પર લખ્યું, ‘‘મેં જ્યારે એક એક્ટરને આ ફિલ્મની વાર્તા કહી, સંદીપ રેડ્ડી વાંગા અને ટી-સિરીઝ દ્વારા જાહેરાત કરવામાં આવી કે તેમણે આ ફિલ્મ માટે નવી હિરોઈન શોધી લીધી છે, વાંગાએ એક્સ પર દીપિકાના બદલે તૃપ્તિને લેવાની જાહેરાત પણ કરી દીધી, મેં તેમના પર ૧૦૦ ટકા ભરોસો મુક્યો હતો. ત્યારે અમારી વચ્ચે એક (નોન ડિસ્ક્લોઝ્ડ એગ્રીમેન્ટ)વણકહ્યો નિયમ છે. પરંતુ આવું કરીને તમે જાહેર કરી દીધું કે તમે એવા વ્યક્તિ છો કે- એક યુવાન કલાકારનું અપમાન કરવું અને મારી વાર્તા ખુલ્લી પાડી દેવી? આવો તમારો નારીવાદ?’’ વાંગાએ વાર્તા લીક થવા અંગે ગુસ્સો પણ ઠાલવ્યો અને તૃપ્તિ ઈન્ટિમેટ સીન માટે તેની હદથી પણ વધુ મહેનત કરશે તે અંગે સંકેત આપ્યો.

# સ્ટાઈલ આઈકોન છે ઋષભ પંતની ગર્લફ્રેન્ડ ઈશા નેગી

ઋષભ રાજેન્દ્ર પંતને ઋષભ પંત તરીકે ઓળખવામાં આવે છે. તે આઈપીએલ માં સૌથી મોંઘો ખેલાડી રહ્યો છે. આ ક્રિકેટરે આઈપીએલ ૨૦૨૫ પર રાજ કર્યુ છે. લખનૌ સુપર જાયન્ટ્સની ટીમે ઋષભને ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો. જ્યારે જાહેરાત કરવામાં આવી ત્યારે બધા ક્રિકેટ ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા. ક્રિકેટ કારકિર્દી વિશે હંમેશા ચર્ચા થતી રહે છે. આજે અમે તમને તેની અફવાવાળી ગર્લફ્રેન્ડનો પરિચય કરાવવા જઈ રહ્યા છીએ. જોકે ઋષભનું નામ ઉર્વશી રૌતેલા વિશે ઘણી ચર્ચામાં રહ્યું છે, પરંતુ બંનેએ ક્યારેય તેના પર ટિપ્પણી કરી નથી. હાલમાં, ઋષભનું નામ ઈશા નેગી સાથે ચર્ચામાં છે.૨૦૧૯ માં, ઋષભે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ઈશા સાથે એક સુંદર તસવીર શેર કરી. તેણે તેના ચાહકોને તેમનો પરિચય કરાવવા માટે એક નાની જાહેરાત કરી. આ કપલ કાળા પોશાક પહેરેલા જોવા મળ્યા હતા અને ઈશા ઋષભને ગળે લગાવી રહી હતી. બંને પ્રેમમાં ખોવાયેલા અને ખુશ દેખાતા હતા. આ સાથે ઋષભે લખ્યું, ‘‘હું તને ખુશ કરવા માંગુ છું કારણ કે તું મારી ખુશીનું કારણ છે.નેટીઝન્સ લાંબા સમયથી ઈશા વિશે વધુ જાણવા માંગતા હતા અને જ્યારે ઋષભે તેની ગર્લળેન્ડનો ફોટો પોસ્ટ કર્યો, ત્યારે તેઓ બધા શાંત થઈ ગયા. એવા અહેવાલો ફેલાઈ રહ્યા હતા કે કથિત કપલે ૨૦૧૫ માં ડેટિંગ શરૂ કર્યુ હતું જ્યારે પંત અંડર-૧૯ ક્રિકેટ રમી રહ્યો હતો. ઋષભ અને ઈશા ૮ વર્ષથી સાથે છે અને વિરાટ અને અનુષ્કાની



જેમ જ સંબંધોના લક્ષ્યો નક્કી કર્યા છે. જોકે, બંનેમાંથી કોઈએ તેમના સંબંધ વિશે કંઈ કહ્યું નથી. ઈશાએ અગાઉ ઋષભે પોસ્ટ કરેલી તસવીર શેર કરી હતી અને તેણે વધુ રોમેન્ટિક કેપ્શન આપ્યું હતું. ઋષભે બરફથી ઢંકાયેલી શિખરો પરથી ઈશા સાથેની બીજી તસવીર પણ શેર કરી હતી. જ્યારે ઋષભે ઈન્સ્ટાગ્રામ પર તેમના સંબંધોને સત્તાવાર બનાવ્યા, ત્યારે મે ૨૦૨૨ માં એક આઈપીએલ મેચ દરમિયાન ઈશા પણ તેના માટે ઉત્સાહિત જોવા મળી હતી.ઈશાના ઈન્સ્ટાગ્રામ પર ૫૫૪હ્ર ફોલોઅર્સ છે. ઋષભ પંત અને ઈશા નેગીનો રોમાંસ ૨૦૧૫ માં શરૂ થયો હતો, ઋષભ રાજેન્દ્ર પંતને ઋષભ પંત તરીકે ઓળખવામાં આવે છે. તે આઈપીએલ માં સૌથી મોંઘો ખેલાડી રહ્યો છે તે ફેશન કન્ટેન્ટ બનાવવા માટે પણ જાણીતી છે અને તેના ચાહકોને તેની સ્ટાઈલ ખૂબ ગમે છે. ૨૮ વર્ષીય ઈશાનો જન્મ ૨૦ ફેબ્રુઆરી, ૧૯૯૭ ના રોજ મુંબઈમાં થયો હતો અને તેણે તેનું સ્કૂલિંગ કોન્વેન્ટ ઓફ જીસસ એન્ડ મેરી, દેહરાદૂનમાંથી કર્યુ હતું. તેણીએ નોઈડાની એમિટી યુનિવર્સિટીમાંથી બીએની ડિગ્રી પણ મેળવી છે. ઈશાએ ઈન્ટિરિયર ડિઝાઈનર અને ઉદ્યોગપતિ તરીકે પોતાની ઓળખ બનાવી છે.



# ઝાલોદ સબજેલના બંદીવાનનોનુ તેમજ પોલિસ સ્ટાફનુ મેડિકલ ચેકઅપ કરાવવામાં આવ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

આજરોજ તારીખ ૨૯-૦૫-૨૦૨૫ ગુરુવારના રોજ ઝાલોદ સબજેલ ખાતે અંદાજીત ૩૫ જેટલા કેદીઓ તેમજ હાજર પોલિસ સ્ટાફનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું.



આ ચેકઅપ કેમ્પમા દર્દીઓ સાથે ડોક્ટર્સ દ્વારા પૂછપરછ કરી તેઓને થતી બીમારીઓ માટે ચેકઅપ કરી તેનું નિદાન કરવામાં આવ્યું હતું. આજના આ કેમ્પમા મેડિકલ ઓફિસર નિરવ ડામોર, લેબ ટેક્નિશિયન પ્રકાશભાઈ તેમજ હેતલબેન (કાઉન્સિલર) અને અનિલ ભૂરીયા દ્વારા એચ.આઈ.વી, સુગર ટેસ્ટ, સી.પી.એસ, બી.પી જેવા રોગોની તપાસ કરવામાં આવી હતી. તેમજ આજકાલ હાર્ટ અટેકના કેસો વધી રહેલ છે તે માટે પોલિસ કર્મી તેમજ કેદીઓને સી.પી.આર ની તાલીમ સી.એચ.ઓ સુનિલ પડવાલ અને અમિત પરમાર દ્વારા આપવામાં આવી હતી તેમાં અચાનક કોઈપણ વ્યક્તિ બેભાન થઈ જાય તો તેને તુરંત તાત્કાલિક કઈ પ્રાથમિક સારવાર આપવી તેનાથી માહિતગાર કરવામાં આવ્યા હતા. જેથી કોઈ પણ વ્યક્તિને હોસ્પિટલ દાખલ કરતા પહેલા તેનો જીવ બચાવી શકાય. આજના આ કેમ્પ મા ડી.વાય.એસ.પી ડી.આર. પટેલ, દાહોદ સબજેલ અધિક્ષક એમ.એલ.ગમારા, ઝાલોદ ઈન્ચાર્જ સબજેલર સંજય પટેલની ઉપસ્થિતિમાં આ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

# ચોમાસુ સીઝન માટે બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખેડૂતો દ્વારા કાળજી રાખવા અનુરોધ કરાયો

। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ જીલ્લાના ખેડૂતોએ ચોમાસુ સીઝન માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખેડુતો દ્વારા રાખવાની થતી કાળજી રાખવા માટે ખાસ અનુરોધ કર્યો હતો. જેમાં બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવા જણાવ્યું છે. આ ઉપરાંત કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી વિવિધ ઈનપુટોની ખરીદી કરવી નહી, જેથી, છેતરપીંડીથી બચી શકાય. બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર વિગેરે વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવા જણાવાયું છે. આ ઉપરાંત કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા ઈનપુટોની ખરીદી કરવી નહી. હંમેશા વૈજ્ઞાનિક ભલામણ મુજબનાં જથ્થામાં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો કાર્યક્ષમ ઉપયોગ કરવો. પાકને નિંદામણ મુક્ત રાખવો જેથી નિંદામણને કારણે પાક પર થતી માઠી અસર નિવારી શકાય. અન અધિકૃત અથવા ભળતા નામના અમાન્ય બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું વેચાણ થતુ હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી(વિસ્તરણ), અમદાવાદને તુરંત જાણ કરવા અમદાવાદ જીલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી ડૉ. એચ. એમ. બાબરીયાએ જણાવ્યુ છે.

# અમદાવાદ મંડળ દ્વારા “પ્લાસ્ટિક પ્રદૂષણની નાબૂદી” વિષય પર વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાન



। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ૨૨ મે થી ૫ જૂન, ૨૦૨૫ સુધી “પ્લાસ્ટિક પ્રદૂષણ નાબૂદી” વિષય પર વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાન સંચાલિત કરવામાં આવી રહ્યું છે. આ પહેલ રેલવે સંકુલો અને ટ્રેનોમાં પ્લાસ્ટિક કચરો ઘટાડવા તથા પર્યાવરણની સ્થિરતાને પ્રોત્સાહિત કરવા માટેની મંડળની કટિબદ્ધતાને દર્શાવે છે.

૨૨ થી ૨૪ મે સુધી વિશેષ જાગૃતિ અભિયાન હેઠળ શપથ ગ્રહણ અને રેલીઓનું આયોજન કરવામાં આવ્યું, જેમાં રેલવે કર્મચારીઓની સાથે-સાથે સામાન્ય નાગરિકોની સક્રિય ભાગીદારી થઈ. આ દરમિયાન પ્લાસ્ટિક કચરાનું મૂલ્યાંકન, નિકાલ અને દેખરેખ માટે પ્રયત્નો કરવામાં આવ્યા અને સોશિયલ મીડિયા મારફતે ડિજિટલ જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવ્યું.

મંડળના વિવિધ રેલવે સ્ટેશનો, કચેરીઓ અને કોચીઝમાં જાગૃતિ સામગ્રીનું પ્રદર્શન કરવામાં આવ્યું તથા પ્લાસ્ટિક ઉપયોગ ઘટાડવા અને રિઃસાયકલીંગને પ્રોત્સાહન આપવા માટે કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવ્યું. “પોતાની પાણીની બોટલ રાખો સાથે” જેવા અભિયાનો મારફતે પુનઃ ઉપયોગના યોગ્ય વિકલ્પો અપનાવવા માટે પ્રેરણા આપવામાં આવી. ૨૫ થી ૨૭ મે સુધી ચલાવવામાં આવેલા સ્વચ્છતા અભિયાન હેઠળ કચરાનું વર્ગીકરણ, રિઃસાયકલીંગ તથા સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી. આ ઉપરાંત, સ્થાનિક સમુદાયો અને બિન-સરકારી સંગઠનોના સહયોગથી જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું અને પેમ્ફલેટ વહેંચવામાં આવ્યા.

અમદાવાદ મંડળ આ અભિગમો મારફતે સ્વચ્છ અને હરીયાળા ભવિષ્યની દિશામાં સતત પ્રયત્નશીલ છે. આ અભિયાન ૫ જૂન, ૨૦૨૫ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ સુધી ચાલુ રહેશે.

# આહવા ખાતે યોજાઇ ગ્રામ પંચાયતની ચૂંટણી સંદર્ભે અગત્યની બેઠક યોજાઈ




। (માહિતી) ડાંગ, તા.૨૯ ।

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલી રાજ્યના વિવિધ જિલ્લાની ગ્રામ પંચાયતોની ચૂંટણીને અનુલક્ષીને, ડાંગ જિલ્લાના ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ ચૂંટણી કામગીરીના ભાગરૂપે જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેકટર સુશ્રી શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને એક અગત્યની બેઠક, જિલ્લા સેવા સદન ખાતે યોજાઈ હતી. જેમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ ચૂંટણી ફરજ ઉપર નિયુક્ત કરાયેલા નોડલ ઓફિસરો સહિત ઝોનલ ઓફિસરો, અને પોલીંગ સ્ટાફને ખૂબ જ સંવેદનશીલતા સાથે જરૂરી તાલીમ મેળવી, ઝીરો ટોલરન્સ સાથે ચૂંટણીલક્ષી કામગીરી અદા કરવાની હિમાયત કરી હતી. દરમિયાન કોઈપણ કર્મચારીઓને અનિવાર્ય સંજોગો સિવાય રજા ઉપર ન જવા, અને ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું ચુસ્તપણે પાલન કરવાની અપીલ કરી હતી. જુન માસમાં યોજનારી ચૂંટણી સંદર્ભે વરસાદ અને ગ્રામ્ય વિસ્તારોની સ્થાનિક પરિસ્થિતિનો પૂરતો તાગ મેળવીને કાર્ય આયોજન હાથ ધરવાની પણ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ સૂચના આપી હતી.

દરમિયાન નિવાસી અધિક કલેક્ટર શ્રી એસ.ડી.તબિયારે બેઠકનું સંચાલન કરતાં અગત્યના મુદાઓ જેવા કે મેન પાવર, તાલીમ, વાહન વ્યવસ્થા, RO અને ARO ની નિયુક્તિ, મતપત્રકો અને પ્રતિકોની ફાળવણી, મતદાન મથકો, અને પોલીસ બંદોબસ્ત જેવા મુદ્દે વિસ્તૃત ચર્ચા હાથ ધરી, જિલ્લા અધિકારીઓને સૂક્ષ્મ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

પ્રાંત અધિકારી સુશ્રી કાજલ આંબલિયાએ વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતી ધરાવતા ડાંગ જિલ્લામાં સંદેશા વ્યવહારની મર્યાદાને ધ્યાને લેતા શેડો એરિયામાં સૂચારૂ સંદેશા વ્યવહાર જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાની અપીલ કરી હતી. જ્યારે મતદાન મથકો અને પરિસરની આસપાસના દુરસ્તીકામોની બાબતે પણ યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની અપીલ કરી હતી.

આદર્શ આચાર સંહિતાના જિલ્લાના નોડલ ઓફિસર-વ-નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલે, આચાર સંહિતાના ચુસ્ત અમલીકરણ અંગે વિસ્તૃત સમજ પૂરી પાડી હતી.

બેઠકમાં જિલ્લાના સબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા અંગેની જાણકારી મેળવી હતી.

# “ટીબી મુક્ત ભારત અભિયાન” હેઠળ ગુજરાતની નોંધપાત્ર કામગીરી

। ગાંધીનગર, તા.૨૯ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૮માં શરૂ કરેલ ટીબી નિમૂર્લન કાર્યક્રમ હેઠળ ગુજરાત સરકાર દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વ અને આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે નવા ટીબી દર્દીઓના રજીસ્ટ્રેશન અને ટીબીની શ્રેષ્ઠત્તમ સારવાર દ્વારા મૃત્યુદર ઘટાડવામાં નોંધપાત્ર સિધ્ધી હાંસલ કરી છે.

ગુજરાત સરકારના એક રીપોર્ટ પ્રમાણે રાજ્યમાં વર્ષ ૨૦૧૫ની સાપેક્ષે વર્ષ ૨૦૨૩ માં નવા દર્દીઓના રજીસ્ટ્રેશનમાં ૩૪ ટકા અને મૃત્યુદરમાં ૩૭ ટકાનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જેના પરિણામે કેન્દ્ર સરકારે પણ આ કામગીરીની સરાહના કરીને ગુજરાત રાજ્યને “સ્ટેટ્સ વીથ મોસ્ટ ઈમ્પ્રુવમેન્ટ” શ્રેણીમાં પ્રથમ ક્રમાંકે રાખ્યું છે.

આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલે આ ક્ષણે જણાવ્યુ હતું કે, ટીબી દર્દીઓને પોષણયુક્ત આહાર, શ્રેષ્ઠત્તમ સારવાર ઉપલબ્ધ કરાવીને મૃત્યુદર ઘટાડવા અને સ્વસ્થ ગુજરાત બનાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

છેલ્લા ચાર વર્ષના ડેટા પર નઝર કરીએ તો ગુજરાતમાં ટીબીના નવા દર્દીઓ રજીસ્ટ્રેશનમાં વર્ષ ૨૦૨૨ માં ૧,૪૨,૧૩૩,વર્ષ ૨૦૨૩ માં ૧,૩૩,૬૭૭, વર્ષ ૨૦૨૪ માં ૧,૩૩,૮૦૫ નોંધણી થઈ છે.

જેની સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યા જોતા વર્ષ ૨૦૨૨માં ૧,૩૦,૪૩૮ , વર્ષ ૨૦૨૩માં ૧,૨૨,૫૮૮, અને વર્ષ ૨૦૨૪ માં ૧,૨૪,૬૭૧ ટીબીની બિમારીને મ્હાત આપીને સાજા થયા છે.

વર્ષ ૨૦૨૫ (જાન્યુઆરી થી એપ્રિલ) ની સ્થિતિ જોતા ૪૫,૨૮૨ નવા ટી.બી.દર્દીઓની નોંધણી થઈ. અત્યારસુધીમાં રજીસ્ટ્ર થયેલ દર્દીઓ સારવાર હેઠળ છે. મૃત્યુ પામેલ દર્દીઓની સંખ્યા ૧૦૧૧ છે. જે વર્ષ ૨૦૨૪-૨૫માં આ સમયગાળા દરમિયાન ૨૨૦૧ હતી. આમ ટીબીના કારણે મૃત્યુ પામતા દર્દીઓની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

ટી.બી.ના દર્દીઓ સ્વસ્થ થાય અને મૃત્યુદર ઘટે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા એક પ્રોટોકોલ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ટીબી નિદાનના તમામ તબક્કામાં દર્દીઓને અતિજોખમી (હાઈ રીસ્ક) અને ઓછા જોખમી(લો રીસ્ક)ની શ્રેણીમાં વિભાજીત કરાય છે. અતિજોખમી ટીબીના દર્દીઓની સારવાર માટે સબ ડિસ્ટ્રીક્ટ થી મેડિકલ કૉલેજ સંલ્ગન હોસ્પિટલ સુધી તમામ પ્રકારની સારવાર, સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# રાષ્ટ્રીય પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં વડોદરાના ત્રણ પાવરલિફ્ટર્સનું ઉત્તમ પ્રદર્શનઃ ૧૬ વર્ષની અસ્મા ઝાબુઆવાલાએ જીત્યો સિલ્વર મેડલ



। (માહિતી) વડોદરા, તા.૨૯ ।

વડોદરા શહેર માટે ગર્વની વાત છે કે અહીંના ત્રણ પાવરલિફ્ટર્સે ૨૦ થી ૨૫ મે, ૨૦૨૫ દરમિયાન મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં યોજાયેલી નેશનલ સબ-જુનિયર અને જુનિયર ક્લાસિક મેન્સ એન્ડ વિમેન્સ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં મેડલ જીતી રાજ્ય અને શહેરનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધાનું આયોજન પાવરલિફ્ટિંગ ઈન્ડિયાના નેજા હેઠળ મહારાષ્ટ્ર સ્ટેટ પાવરલિફ્ટિંગ એસોસિએશન અને વી પાવર ઈન્ટરનેશનલ પાવરલિફ્ટિંગ એકેડેમી દ્વારા કરવામાં આવ્યું હતું. શહેરની ૧૬ વર્ષની ઉત્સાહી ખેલાડી અસ્મા ઝાબુઆવાલા માટે આ પ્રથમ રાષ્ટ્રીય સ્પર્ધા હતી, અને તેણે શરૂઆતથી જ પોતાની પ્રતિભા સાબિત કરી. ૮૪+ કિલોગ્રામ કેટેગરીમાં સ્ક્વોટ, બેન્ચપ્રેસ અને ડેડલિફ્ટમાં કુલ ૩૪૦ કિલોગ્રામ વજન ઉચકી તેણે સિલ્વર મેડલ હાંસલ કર્યો. અસ્માની સફળતાની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે તેણે ફક્ત બે મહિના પહેલાં જ પાવરલિફ્ટિંગ શરૂ કર્યું હતું – અને એટલામાં જ રાષ્ટ્રીય મંચ પર પોતાનું સ્થાન બનાવ્યું. અસ્માએ સ્પર્ધા પછી જણાવ્યું, “મને હંમેશા શારીરિક રીતે સક્રિય રહેવું ગમતું હતું. બાળપણથી જ હું મલ્લખંભ, કરાટે, ઘોડેસવારી, રાઈફલ શૂટિંગ જેવી વિવિધ રમતોમાં જોડાયેલી રહી છું. પાવરલિફ્ટિંગ સાથેનો જોડાણ પણ એક સંયોગ હતો – મારા જીમના મિત્ર રાહુલ મેતેએ મને પાવરલિફ્ટિંગ તરફ દોરી. મારી પહેલી લિફ્ટ પછી જ મને આત્મવિશ્વાસ મળ્યો અને પછી મેં રાજ્ય સ્તરે અને હવે નેશનલ્સ સુધીનો પ્રવાસ કર્યો.” અસ્માનું સપોર્ટ સિસ્ટમ પણ એટલું જ દ્રઢ છે. તેની માતા અજબ ઝાબુઆવાલા, જે મૂળ દાહોદના છે અને પૂર્વ હોકી ખેલાડી રહી ચુક્યા છે, પોતાની દીકરીના સપનાને સાકાર કરવા સતત તેની સાથે ઉભા રહ્યા છે. ત્રણ વર્ષ હોકી રમ્યા પછી નાણાકીય પડકારો અને શૈક્ષણિક જવાબદારીઓને કારણે તેમણે રમત છોડી દેવી પડી. આજે તેઓ એક સ્ટ્રક્ચરલ એન્જિનિયર તરીકે કારકિર્દી બનાવી રહ્યા છે. પિતા તાહિર ઝાબુઆવાલા, જેમણે પોતાના યુવાનીમાં ક્રિકેટ રમ્યું અને ટીમનું નેતૃત્વ પણ કર્યું હતું, પણ હવે બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા છે. બંને માતા પિતા અસ્માની દરેક રમતગમત પ્રવૃત્તિમાં સહભાગી બની, તેને પ્રેરણા આપી રહ્યા છે.

અસ્મા હવે વધુ સઘન તાલીમ સાથે આગળની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલ જીતવાનો સંકલ્પ લઈ ચૂકી છે. અસ્મા સિવાય, વડોદરાના અન્ય બે પાવરલિફ્ટર્સે પણ પ્રતિભા દર્શાવી – મોક્ષ ચંદેલે બે ગોલ્ડ મેડલ જીત્યા (જેમાં એક નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ શામેલ છે), તેમજ એક બ્રોન્ઝ મેડલ પણ મેળવ્યો. સુજલ જયસ્વાલે જુનિયર ૭૪ કિલોગ્રામ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.

સત્તાવીસ રાજ્યોમાંથી ભાગ લેનાર ખેલાડીઓ વચ્ચે વડોદરાની આ ત્રિમૂર્તિએ રાષ્ટ્રીય મંચ પર પોતાની ધમાકેદાર હાજરી નોંધાવી – શહેરના યુવાઓ માટે પ્રેરણારૂપ બની છે.

# ચોમાસુ સીઝન માટે બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખેડૂતોએ તકેદારી રાખવી

। (માહિતી) આણંદ, તા.૨૯ ।

આણંદ જિલ્લાના તમામ ખેડૂતોને ચોમાસુ સીઝન માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે નાયબ ખેતી નિયામક દ્વારા જણાવવાનું કે,બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવા જણાવવામાં આવ્યું છે. વધુમાં કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી વિવિધ ઈનપુટોની ખરીદી કરવી નહી. જેથી, છેતરપીંડીથી બચી શકાય. બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર વિગેરે વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું. કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા ઈનપુટોની ખરીદી કરવી નહી. હંમેશા વૈજ્ઞાનિક ભલામણ મુજબનાં જથ્થામાં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો કાર્યક્ષમ ઉપયોગ કરવો.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે. હાથમાં લીધેલા નવા કાર્યો અપેક્ષાથી ઊણા ઉતરશે. જેમની સાથે તમારો સમય ખરાબ થાય છે તેમની સાથે સંપર્ક વધારવા નું ટાળો.

### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે. એક મુશ્કેલ તબક્કા બાદ, આજનો દિવસ તમને કામના સ્થળે કશુંક સુંદર આપી આશ્ચર્યચકિત કરી જશે.

### મિથુન (ક,છ,ઘ) :

આજે તમારો ઝઘડાખોર સ્વભાવ અંકુશમાં રાખો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે. મોકળાશભર્યું મન અને કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ ત્યજીને તમે તેમાંથી બહાર આવી શકો છો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

### કર્ક (ડ,હ) :

આજે ધ્યાન રાહત લાવશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. રૉમાન્સની શક્યતા છે પણ શારીરિક લાગણીઓ જાગી શકે છે અને તેને કારણે તમારો સંબંધ બગડવાની શક્યતા છે. કામના સ્થળે મામલો ઉકેલવા માટે તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા તમારી વગ વાપરવાની જરૂર છે.

### સિંહ (મ,ટ) :

આજે તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે એવા લોકો સુધી પહોંચાડવામાં સફળ થશો.

### કન્યા (પ,ઠ,ણ) :

તમારા વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે. નોકરીમાં પરિવર્તન તમને માનસિક સંતોષ આપશે. સાવચેતીભર્યા પગલાંનો દિવસ-જ્યારે તમને મગજ કરતાં દિલની વધુ જરૂર પડશે.

### તુલા (ર,ત) :

આજના દિવસે તમે વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હેલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

### વૃશ્ચિક (ન,ય) :

આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.

### ધન (ભ,ધ,ફ) :

અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ.

### મકર (ખ,જ) :

આજે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે- એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો. આજે ઘરે કોઈપણ પાર્ટી ને કારણે તમારો કિંમતી સમય બરબાદ થઈ શકે છે.

### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ. તમે જો ઘણા સમયથી કામના સ્થળે મુશ્કેલી અનુભવતા હશો તો આજનો દિવસ ખરેખર સારો રહેશે.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજનો દિવસ તમારા માટે આનંદથી ભરેલો સારો દિવસ. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. મોજ-મજા માટે તમે કોઈ ટ્રીપ પર જાવ એવી શક્યતા છે, જે તમારામાં શક્તિનો સંચાર કરશે તથા તમને જુસ્સાથી ભરી મુકશે.





પશ્ચિમ બંગાળના અલીપુરદુઆર ખાતે સિટી ગેસ વિતરણ પ્રોજેક્ટના શિલાન્યાસ સમારોહમાં શિલાન્યાસ કરી સંબોધન કરતા વડાપ્રધાન.



# ડિંગુચાના પરિવારનો ભોગ લેનારા હર્ષ પટેલને અમેરિકામાં ૨૦ વર્ષની સજા સંભવ

## ડંકી રૂટથી અમેરિકા જવાના પ્રયાસમાં ત્રણ વર્ષ અગાઉ ડિંગુચાના પતિ-પત્ની અને બે સંતાનોએ ઠંડીમાં ઠૂંઠવાઈને જીવ ગુમાવ્યો હતો



। (એજન્સી) મિનેપોલિસ, તા.૨૯ ।

ડંકી રૂટથી અમેરિકા જવાના પ્રયાસમાં કલોલ તાલુકાના ડિંગુચા ગામનો પરિવાર હોમાઈ ગયો હતો. અમેરિકા-કેનેડાની સરહદ પર પતિ-પત્ની અને બે બાળકો ઠંડીમાં ઠૂંઠવાઈને ગુજરી ગયા હતા. આ ચકચારી કેસમાં બે આરોપીની ધરપકડ થઈ છે અને મિનેસોટા કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે, જ્યાં મુખ્ય સૂત્રધાર હર્ષ પટેલને ૨૦ વર્ષની કેદની સજા થવાની સંભાવના છે.કોર્ટમાં સુનાવણી દરમિયાન ફેડરલ પ્રોસિક્યુટરે હર્ષ રમણલાલ પટેલના કારસ્તાનને આંતરરાષ્ટ્રીય ષડયંત્ર ગણાવ્યુ હતું અને તેને ૨૦ વર્ષની સજા ફટકારવા રજૂઆત કરી હતી. હર્ષે ડિંગુચાના પટેલ પરિવારને તેડવા જવાની જવાબદારી સ્ટીવ એન્થોની શેન્ડને સોંપી હતી, જેને ૧૧ વર્ષની સજા થઈ શકે છે. ગત મહિને યુએસ ડિસ્ટ્રિક્ટ જજે હર્ષને કસૂરવાર ઠરાવવા ઈનકાર કર્યો હતો અને કેસ પૂરો ન થયો હોવાનું કહ્યું હતું. ટ્રાયલ દરમિયાન પ્રોસીક્યુટરે દલીલ કરી હતી કે, હર્ષ પટેલ ભારતીય નાગરિક છે અને તેને લોકો 'ડર્ટી હેરી' તરીકે ઓળખે છે. તેનો ડ્રાઈવર એન્થોની અમેરિકાન સિટીઝન છે. તેઓ ભારતમાંથી અનેક લોકોને સ્ટુડન્ટ વિઝ પર કેનેડા બોલાવતા હતા અને ત્યાંથી યુએસ બોર્ડર પાર કરાવતા હતા. ડિંગુચાના વતની જગદીશ પટેલ તેની પત્ની વૈશાલી બેન, ૧૧ વર્ષની દીકરી અને ૩ વર્ષના દીકરા ગેરકાયદે અમેરિકા પહોંચાડવાનું કામ હર્ષે લીધુ હતું.એક જ પરિવારના ચારેય સભ્યોના મૃતદેહ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ કેનેડા પોલીસને મળી આવ્યા હતા. એક જ પરિવારના ચાર સભ્યોના મૃતદેહ મળી આવતાં પોલીસ ચોંકી ઊઠી હતી. આ મામલે તપાસ બાદ અમેરિકામાં હર્ષ તથા તેના સાગરિતની ધરપકડ કરવામાં આવી હતી.



નવી દિલ્હીમાં ભારતીય ઉદ્યોગ પરિષદ (CII) ના વાર્ષિક વ્યાપાર સમિટના ઉદ્ઘાટન દરમિયાન કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહપૂર્ણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

### નોટબુક અને વીડિયો ક્લિપ્સે રહસ્ય ખોલ્યા

# ૨૯૯ બાળકો પર રેપના આરોપ માં પૂર્વ સર્જનને ૨૦ વર્ષની સજા

। (એજન્સી) પેરિસ, તા.૨૯ ।

ફ્રાન્સની એક કોર્ટે ૭૪ વર્ષીય પૂર્વ સર્જનને બે દાયકાના સમયગાળામાં લગભગ ૩૦૦ બાળકોનું જાતીય શોષણ કરવા બદલ ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે. જોએલ લે સ્કૌરેનેકને ૨૯૯ બાળકો પર બળાત્કાર અને જાતીય હુમલો કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. લે સ્કૌરેનેક પહેલાથી જ ચાર બાળકો પર બળાત્કાર કરવા બદલ ૧૫ વર્ષની સજા કાપી રહ્યો છે, જેમાં તેના બે સંબંધીઓનો પણ સમાવેશ થાય છે. તેને ૨૦૨૦માં આ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. સ્કૌરનેક ૨૯૯ ઉપરાંત અન્ય બાળકોનું જાતીય શોષણ કર્યું હોવાની કબૂલાત કરી હતી. તેણે કોર્ટને જણાવ્યું હતું કે તેણે પહેલી વાર ૧૯૮૫માં તેની ભત્રીજીનું જાતીય શોષણ કર્યું હતું અને તે સમયે તે માત્ર પાંચ વર્ષની હતી. આગામી વર્ષોમાં ત્રીજી ટ્રાયલ થવાની અપેક્ષા છે, જેમાં સર્જને પોતાની પૌત્રી સાથે પણ આવું જ દુષ્કૃત્ય કર્યું હતું.હવસખોર સર્જન વિરુદ્ધ નવી ટ્રાયલ ફેબ્રુઆરીમાં પશ્ચિમ ફ્રાન્સના બ્રિટ્ટેનીમાં શરૂ થઈ હતી અને ૧૯૮૯થી ૨૦૧૪ વચ્ચેના ઉત્પીડનને ઉજાગર કર્યો હતો. મોટાભાગના પીડિતો જાતીય શોષણ સમયે બેભાન અથવા હોસ્પિટલમાં દાખલ દર્દીઓ હતા. તેમની સરેરાશ ઉંમર ૧૧ વર્ષ હતી. પીડિતોમાં ૧૫૮ છોકરાઓ અને ૧૪૧ છોકરીઓ હતી. ન્યાયાધીશોએ સજાની લંબાઈ અંગે સરકારી વકીલની ભલામણો સ્વીકારી અને મોરબિહાનની ફોજદારી અદાલતે આદેશ આપ્યો કે સ્કોર્નેકને સજાના ઓછામાં ઓછા બે તૃતીયાંશ ભાગ ભોગવવા પડશે અને તે પછી તે મુક્ત થવાને પાત્ર રહેશે.આ કેસ પહેલીવાર ૨૦૧૭માં પ્રકાશમાં આવ્યો જ્યારે છ વર્ષની બાળકીએ તેની માતાને કહ્યું કે તેના પાડોશી 'સ્કોર્નેક અંકલ' એ તેની સાથે છેડતી કરી છે.

# ઈઝરાયેલ હુમલાનો માસ્ટરમાઈન્ડ હમાસનો વડો સિનવાર ઠારઃ બેન્જામિન નેતન્યાહૂ

। (એજન્સી) તેલ અવીવ, તા.૨૯ ।

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ બુધવારે જણાવ્યું કે, ઈઝરાયલના લશ્કરે હમાસના ગાઝા પ્રમુખ અને સંગઠનના નેતા યાહ્યા સિનવારના નાના ભાઈ મોહમ્મદ સિનવારને ઠાર કર્યો છે. મોહમ્મદ સિનાવરને ઈઝરાયલ પર ઓક્ટોબર ૨૦૨૩માં થયેલા ઘાતકી હુમલાનો માસ્ટરમાઈન્ડ મનાય છે. ઈઝરાયેલના સુરક્ષા દળ (આઈડીએફ)એ હવાઈ હુમલો કરીને ખાન યુનિસના યુરોપીયન હોસ્પિટલ નજીક એક સુરંગમાં સિનવારને ઠાર કરી દેવામાં આવ્યો હતો.નેતન્યાહૂએ એક નિવેદનમાં જણાવ્યું કે, 'મોહમ્મદ સિનવારનો ખાત્મો બોલાવી દેવામાં આવ્યો છે.' તે હમાસના લશ્કરની પાંખનુંનેવૃત્વકરીરહ્યોહતો.હમાસમાટેઆમોટોઝાટકોછે.પરંતુઅમારું અભિયાન હજુ પૂર્ણ થયું નથી. ઈઝરાયેલના વડાપ્રધાને ચેતવણી આપતા જણાવ્યું કે, ગાઝામાં બંધકોને નુકસાન પહોંચાડનારા વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે. યાહ્યા સિનાવરનું ઓક્ટોબર ૨૦૨૪માં મૃત્યુ થયા બાદ મોહમ્મદ સિનાવરે હમાસના લશ્કર અને રાજકીય નેતૃત્વ પર પકડ મેળવી હતી.

### પાક.ને મદદ કરીને ચીને અમેરિકા અને ભારત પર એકસાથે નિશાન સાધ્યું

# કંગાળ પાકિસ્તાનને ચીન વધુ ૩.૭ અબજ ડોલરની લોન આપશે



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૯ ।

ચીને પોતાના મિત્ર દેશ પાકિસ્તાનને મદદ કરવા માટે વધુ એક વખત પોતાનો ખજાનો ખોલ્યો છે. ચીન ભિખારી પાક.ને હથિયારો બાદ હવે ૩.૭ અબજ યુએસ ડોલરની લોન પણ આપશે. જૂનના અંત પૂર્વે ચીન પાકિસ્તાનને વ્યવસાયિક લોન આપશે જેમાં આગામી મહિને પાકતી ૨.૪ અબજ ડોલરની રકમનો પણ સમાવેશ થાય છે. પાકિસ્તાનને ચાઈનિઝ કરન્સીમાં આ ઋણ આપવામાં આવશે જેથી તેનું વિદેશી હૂંડિયામણ અનામત બે આંકડામાં જળવાઈ રહેશે. ચીને પાકિસ્તાનને મદદ કરીને એકસાથે અમેરિકા અને ભારત બંને પર નિશાન સાધ્યું છે. અગાઉ ચીન દ્વારા પાકિસ્તાનને અમેરિકન કરન્સી ડોલરમાં લોન આપવામાં આવી હતી પ રંતુ આ વખતે વ્યૂહાત્મક રીતે ચીનની કરન્સી યુઆનમાં લોન ફાળવવામાં આવશે. ડોલર આધારિત અર્થવ્યવસ્થાથી અલગ પડવાની પણ ચીનની આ રણનીતિ હોવાનું માનવામાં આવે છે.ચીને તાજેતરમાં મળેલી બેઠકમાં માર્ચ તથા જૂન ૨૦૨૫માં પાકતી લોનના પુનઃધિરાણને સુરક્ષિત કરવા માટે નવું ધિરાણ આપવાની ખાતરી વ્યક્ત કરી હોવાનું પાક. મીડિયાએ રિપોર્ટમાં ટાંક્યું હતું. પાકિસ્તાને ચાલુ વર્ષે માર્ચથી એપ્રિલ વચ્ચે ઈન્ડસ્ટ્રિયલ એન્ડ કોમર્શિયલ બેંક ઓફ ચાઈના (આઈસીબીસી)ને ત્રણ તબક્કામાં ૧.૩ અબજ ડોલરની લોન ભરપાઈ કરી હતી. સૂત્રોના મતે આઈસીબીસી આગામી દિવસોમાં પાકિસ્તાનને ચાઈનિઝ કરન્સીમાં પુનઃ ધિરાણ આપી શકે છે. ચાલુ મહિને આઈએમએફ દ્વારા એક અબજ ડોલરના ઋણને મંજૂરી અપાતા પાક.ની કેન્દ્રીય બેંકનું વિદેશી હૂંડિયામણ અનામત ૧૧.૪ અબજ ડોલર રહ્યું હતું. ચીન દ્વારા વધારાની લોન મળતા તે ૧૨.૭ અબજ ડોલર થશે. ચીનની ત્રણ કોમર્શિયલ બેંકોની ૨.૧ અબજ ડોલરની લોન જૂનમાં પાકશે. ચીનની પુનઃ ધિરાણની મદદ પાકિસ્તાનને ના મળી હોત તો વિદેશી અનામત ૧૦ અબજ ડોલરની નીચે જવાની સંભાવના હતી.

# પાક. સાથે તંગદિલી વચ્ચે સરકારે ઇન્ટર-સર્વિસિસ ઓર્ગે. એક્ટ અમલી બનાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।




પાકિસ્તાન સાથેના તાજેતરના સંઘર્ષ વચ્ચે કેન્દ્ર સરકારે હવાઈદળ, નૌકાદળ અને ભૂમિદળ એમ ત્રણેય સશસ્ત્ર દળો વચ્ચે તાલમેલ અને કમાન્ડ કાર્યક્ષમતામાં વધારો કરવા માટે ઈન્ટર-સર્વિસિસ ઓર્ગેનાઈઝેશન એક્ટને સંપૂર્ણપણે લાગુ કર્યો છે. સંરક્ષણ મંત્રાલયે ૨૦૨૩ના આ ધારા હેઠળના નિયમોને ૨૭મેએ નોટિફાઇ કરીને તેનો અમલ કર્યો હતો.મંત્રાલયે બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ મહત્વપૂર્ણ પગલાનો હેતુ ઈન્ટર-સર્વિસિસ ઓર્ગેનાઈઝેશનના અસરકારક કમાન્ડ, કંટ્રોલ અને કાર્યક્ષમ કામગીરીને મજબૂત બનાવવાનો છે, જેનાથી સશસ્ત્ર દળો વચ્ચે તાલમેલમાં વધારો થશે. આ નિયમોના નોટિફિકેશન સાથે ઈન્ટર-સર્વિસિસ ઓર્ગેનાઈઝેશન્સ (કમાન્ડ, કંટ્રોલ એન્ડ ડિસિપ્લિન) એક્ટ ૨૦૨૩ હવે સંપૂર્ણપણે અમલી બન્યો છે. આનાથી ISOના વડાઓને વધુ સત્તા મળશે તથા શિસ્તના કેસોનો ઝડપથી નિકાલ થશે અને કાર્યવાહીનું ડુપ્લિકેશન ટાળી શકાશે. આ કાયદો ISOના કમાન્ડર-ઈન-ચીફ અને ઓફિસર-ઈન-કમાન્ડને તેમની હેઠળના કર્મચારીઓ પર કમાન્ડ અને કંટ્રોલની સત્તાનો ઉપયોગ કરી શકશે. તેનાથી સંગઠનોમાં શિસ્ત અને વહીવટની અસરકારક જાળવણી સુનિશ્ચિત કરી શકાશે.નિવેદનમાં જણાવાયું હતું કે કાયદાની કલમ ૧૧ હેઠળ ઘડવામાં આવેલા નવા ગૌણ નિયમોનો હેતુ કાયદામાં નિર્ધારિત જોગવાઈઓના અસરકારક અમલને સરળ બનાવવાનો છે. આ નિયમો શિસ્ત, વહીવટી નિયંત્રણ અને કાર્યકારી તાલમેલ માટે એક સર્વગ્રાહી માળખું સ્થાપિત કરે છે. આ અંગેના બિલને ૨૦૨૩માં ચોમાસુ સત્ર દરમિયાન સંસદના બંને ગૃહોની બહાલી મળી હતી. બિલને ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩એ રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી અને ૮મે, ૨૦૨૪ના ગેઝેટ નોટિફિકેશન મુજબ આ કાયદો ૧૦ મે, ૨૦૨૪થી અમલમાં આવ્યો છે.

# બાંગ્લાદેશે ન સ્વીકારતાં સરહદે સ્થિતિ મૂંઝવણભરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

બાંગ્લાદેશના નેતાઓ અને સુરક્ષા એજન્સીઓએ ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોને પાછા મોકલવાની ભારતની કાર્યવાહી સામે સખત વાંધો ઉઠાવ્યો છે. બાંગ્લાદેશે ભારતની આ કાર્યવાહીને પોતાના સાર્વભૌમત્વ પર હુમલો અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવ્યો છે. જોકે હકીકતમાં મંગળવારે ભારતે ૬૭ બાંગ્લાદેશી નાગરિકોને પાછા મોકલ્યા હતા જ્યારે બુધવારે સવારે ૧૩ લોકો ભારત-બાંગ્લાદેશ સરહદની ઝીરો લાઈન્સ પર ફસાયેલા રહ્યા.૨૬ મેના રોજ બાંગ્લાદેશી સેનાના એક વરિષ્ઠ અધિકારીએ ધમકી આપી હતી કે ભારત દ્વારા ગેરકાયદેસર નાગરિકોને ધકેલવામાં આવી રહ્યા છે જે સ્વીકાર્ય નથી અને જો જરૂરી હશે તો અમે સૈન્ય કાર્યવાહી માટે પણ તૈયાર છીએ. ૨૦૧૬ માં તત્કાલીન કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી કિરેન રિજિજુએ રાજ્યસભામાં માહિતી આપી હતી.

### દેશના ૧૭ રાજ્યોમાં ચોમાસાની એન્ટ્રી

# ભારે વરસાદથી મુંબઈ જળબંબાકાર બની ગયું, રાજસ્થાનમાં બે ઋતુ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

દેશમાં ૧૭ રાજ્યોમાં ચોમાસાની એન્ટ્રી થઈ ચૂકી છે. બુધવારે ચોમાસું સમયથી ૧૨ દિવસ પહેલા છત્તીસગઢ અને ૧૩ દિવસ પહેલા ઓડિશા પહોચ્યું છે. બંન્ને રાજ્યોના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ થયો છે. મહારાષ્ટ્રના મુંબઈ, નવી મુંબઈ, ઠાણે, પાલઘર, રાયખઢમાં આજે ભારે વરસાદ થઈ રહ્યો છે. અહીં વરસાદને લઈને યલો એલર્ટ આપવામાં આવ્યું છે. બદલાપુર, ઉલ્હાસનગર, કલ્યાણ, ડોમ્બિવલી અને થાણેના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. રાજસ્થાનમાં હવામાનના ત્રણ રુપ જોવા મળી રહ્યા છે. બુંદી જિલ્લામાં તીવ્ર ગરમી પડી રહી છે. અહીં ગામમાં એક વૃદ્ધ મહિલાનું મૃત્યુ થયું છે. તપાસમાં જાણવા મળ્યું કે, આ મૃત્યુ હીટવેવને કારણે મોત થયું છે. ઉદયપુર, ચિત્તોડગઢ અને ભીલવાડામાં વરસાદ ચાલુ છે. જેસલમેરમાં સવારથી ભારે આંધી- તોફાન છે. મધ્યપ્રદેશના ૧૫ થી વધુ જિલ્લાઓમાં મંગળવારે વરસાદ પડ્યો હતો. આજે પણ ભોપાલ, ઈન્દોર-ઉજ્જૈન સહિત ૪૦ જિલ્લાઓમાં જોરદાર આંધી સાથે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. કેટલાક જિલ્લાઓમાં આંધીની ઝડપ ૫૦ કિમી પ્રતિ કલાક સુધી હોઈ શકે છે. આજે બિહારના ૧૨ જિલ્લાઓમાં વરસાદ અંગે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. કેરળ, કર્ણાટક, છત્તીસગઢ, તમિલનાડુ, પોંડિચેરી, આંધ્ર પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, તેલંગાના, મિઝોરમ, મણિપુર, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલય, ત્રિપુરામાં પહોંચ્યું છે.

# અમદાવાદના બાપુનગરમાં મેગા ડિમોલિશન હાથ ધરાયું





। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં સવારે મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પાંચ જેસીબી અને આઠ જેટલા હિટાચી મશીન તથા અનેક ટ્રક સાથે મોટાપાયે તંત્ર દ્વારા આજે સવારથી જ સપાટો બોલાવવામાં આવ્યો હતો. ગુરૂવારે સવારથી અકબરનગર વિસ્તારમાં આશરે ૪૦૦થી વધુ જેટલાં કાચા-પાકા મકાન-દુકાનો પર બુલડોઝર ફેરવી દેવાયા હતા. અજીત મિલ ચાર રસ્તા પાસે એસ.પી. ઓફિસ પાછળના વિસ્તારમાં આવેલ આ વસાહતમાં અંદાજે ૪૦૦થી વધુ છાપરાં અને નાના-મોટા કાચાં-પાકાં મકાનો હતા, જેને બે કલાકની અંદર પાંચ જેસીબી અને આઠથી વધુ હિટાચી મશીનથી તોડી પાડવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ લોકોને મકાન ખાલી કરી દેવા માટેની સૂચના આપવામાં આવી હતી. વર્ષ ૨૦૧૪માં ૨૨૧ લોકોને વટવા ખાતે વૈકલ્પિક મકાનો ફાળવવામાં આવ્યા હતા, જેમાંના ૭૬ લોકો હજી પણ અહીંયા રહેતા હતાં. ત્યારે આજે વહેલી સવારથી મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગની ટીમો દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. હાલમાં કાટમાળ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



। ગાંધીનગર, તા.૨૯ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન કૃષિ ઉત્પાદન વધારીને ખેડૂતોની આત્મનિર્ભરતા અને સ્વદેશીને પ્રોત્સાહન આપનારી આગવી પહેલ બનશે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશના ખેડૂતોને સમય અનુરૂપ ટેક્નોલોજીનો કૃષિમાં ઉપયોગ કરીને વેલ્યુ એડીશન, ફાર્મ મિકેનિઝમ, નેચરલ ફાર્મિંગ વગેરેના સંકલીત પ્રયાસો સાથે એકિકૃત દિશામાં કામ કરીને કૃષિમાં ક્રાંતિકારી પરિવર્તનની દિશા આપવામાં આ અભિયાન મહત્વપૂર્ણ બનવાનું છે. ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારાૈ ઝછઈ અને રાજ્યના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વૈજ્ઞાનિકો, કૃષિ યુનિવર્સિટીઓના તજજ્ઞોના સહયોગથી આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન તા. ૨૯મી મે થી ૧૨ જૂન સુધી દેશભરમાં યોજાવાનું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં આ અભિયાનનો પ્રારંભ આણંદ કૃષિ યિનિવર્સિટીથી કરાવ્યો હતો. ગુજરાતમાં આ અભિયાન અંતર્ગત ૨૩૫ તાલુકાઓના ૨૯૫૧ ક્લસ્ટર થકી ૩.૫૦ લાખથી વધુ ખેડૂતો સુધી સીધા પહોંચવાનું વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન દરમિયાન રાજ્યના ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને ૪ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, કૃષિ તજજ્ઞો, કૃષિ વિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો ગામડે-ગામડે ફરીને ખેડૂતોની મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ, આધુનિક અને જલવાયુ પરિવર્તન અનુરૂપ ખેત પદ્ધતિ, નવા સંશોધિત બિયારણો, નેનો ફર્ટિલાઈઝર, સોઈલ હેલ્થ કાર્ડના ઉપયોગ ઉપરાંત જરૂરિયાત પૂરતો જ ખાતરનો ઉપયોગ કરવા જેવી કૃષિલક્ષી જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત ખેડૂતોને કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂતો હિતલક્ષી સહાય યોજનાઓ અંગે પણ માહિતગાર કરવામાં આવશે.

આણંદ કૃષિ યુનિવર્સિટી ઝોનમાં સમાવિષ્ટ ૯ જિલ્લાઓના ૭૯૩ ગામોના અંદાજે ૧ લાખ ૨ હજારથી વધુ ખેડૂતો, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ૭ જિલ્લાના ૪૬૫ ગામોના ૮૦ હજાર ખેડૂતો, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગતના ૧૦ જિલ્લાના ૯૩૩ ગામોના ૧.૨૦ લાખ ખેડૂતો અને નવસારી કૃષિ યુનિવર્સિટી ઝોનના ૭ જિલ્લામાં ૭૬૦ ગામોના ૭૧ હજારથી વધુ ખેડૂતો એમ સાડા ત્રણ લાખથી વધુ ખેડૂતોને આ અભિયાન હેઠળ આવરી લેવાનું સઘન આયોજન રાજ્ય સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અભિયાન રાજ્યના ખેડૂતો માટે ઘરેબેઠા ગંગાનો અવસર ગણાવતા ઉમેર્યુ કે, કૃષિ ક્ષેત્રે નવિન શોધ-સંશોધનની માંગને પારખીને આધુનિક ટેકનોલોજી અને વિજ્ઞાનના શ્રેષ્ઠ ઉપયોગથી નેનો યુરીયા ખાતર અને ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કૃષિ ક્ષેત્રે કેવી રીતે કરી શકાય એનું ઉત્તમ ઉદાહરણ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતે પૂરું પાડ્યું છે.

### માછીમારોને ચેતવણી

## ગુજરાતના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થશે

**પશ્ચિમ રાજસ્થાન પર અપરએર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે તેની અસરથી ગુજરાતમાં વરસાદ થવાની સંભાવના**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાતના હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદની સ્થિતિ કેવી રહી શકે છે તે અંગે માહિતી આપવામાં આવી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એકે દાસ દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. એકે દાસ જણાવે છે કે, આજના દિવસે રાજ્યમાં હળવા વરસાદની શક્યતાઓ છે, જેની સાથે થંડરસ્ટોર્મ એક્ટિવિટી, ૪૦-૫૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાશે અને વીજળીના કડાકા થવાની શક્યતાઓ છે. ગુજરાતના ઘણાં ભાગોમાં પાછલા દિવસે પલટો આવ્યો હતો, જેમાં અમદાવાદ સહિત મધ્ય ગુજરાતમાં પણ મોડી રાત્રે વરસાદી ઝાપટાં થયા હતા. ૭ દિવસના હવામાનમાં રાજ્યમાં હળવાથી સામાન્ય છૂટાછવાયા ઝાપટાં થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપ માન ૩૭ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવનાઓ છે.

ગુજરાતમાં આજના દિવસે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત તથા પૂર્વના ભાગોમાં વરસાદ થવાની સંભાવનાઓ જોવાઈ રહી છે. જેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી અને સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવનો સમાવેશ થાય છે. એકે દાસ જણાવે છે કે, આજના દિવસે પણ રાજ્યમાં વરસાદની સ્થિતિ યથાવત રહેવાની સંભાવનાઓ છે. રાજ્યમાં છૂટોછવાયો વરસાદ થવાની શક્યતાઓ છે. ૩૦મેથી ૪ જૂન સુધી વરસાદ રહેવાની શક્યતાઓ છે. જેમાં મોટાભાગના દક્ષિણ ગુજરાતના તથા દક્ષિણ સૌરાષ્ટ્રના જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ સાથે ૩૦મી મેથી ૧ જૂન સુધી માછીમારો માટે ચેતવણી આપવામાં આવી છે.

## મહુવા યાર્ડમાં ડુંગળીના ભાવમાં થયો વધારો

। (એજન્સી) ભાવનગર, તા.૨૯ ।

ભાવનગર જિલ્લાનું મહુવા માર્કેટિંગ યાર્ડ, જે ડુંગળીના હબ તરીકે ઓળખાય છે, અહીં ફક્ત ભાવનગર જિલ્લાની જ નહીં પરંતુ આસપાસના અનેક જિલ્લાઓના ખેડૂતોએ લાલ અને સફેદ ડુંગળી વેચાણ માટે આવે છે. અહીંની ડુંગળીની ડિમાન્ડ દિલ્હી, પંજાબ, હરિયાણા સહિતના અન્ય રાજ્યોમાં હોવાથી અન્ય રાજ્યોમાંથી વેપારીઓ પણ ખરીદી કરવા માટે અહીં આવે છે. છેલ્લા કેટલાક સમયથી વરસાદી વાતાવરણ સર્જાયું છે, અને થોડા દિવસો પહેલાં વરસાદ પણ થયો હતો. ખેડૂતોની ડુંગળીમાં નુકસાન થવાથી તેમને માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના ભાવ ઓછા મળતા હતા, જેના કારણે તેમની મુશ્કેલીમાં વધારો થયો હતો. પરંતુ હવે મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, જે લાંબા સમય બાદ ખેડૂતો માટે રાહતના સમાચાર આવ્યા છે. અગાઉ એક મણ ડુંગળીના ભાવ માત્ર ૨૦ થી ૪૦ રૂપિયા સુધી હતા, પરંતુ હવે તે વધીને ૧૭૦ થી ૨૪૦ રૂપિયા સુધી પહોંચી ગયા છે.

## કચરાની ગાડીએ અડફેટે લેતા ૧૩ વર્ષના વિદ્યાર્થીનું થયું મૃત્યુ

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

સુરતના ઉધના વિસ્તારમાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ધોરણ ૮માં અભ્યાસ કરતા ૧૩ વર્ષના વિદ્યાર્થી કાર્તિક અનિલ મોહિતેને સુરત મહાનગરપાલિકા (SMC)ની કચરાની ગાડીએ અડફેટે લેતા તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. કાર્તિક તેમના માતા-પિતાનું એકમાત્ર સંતાન હતું.

### મિની વાવાઝોડાના કારણે અનેક વૃક્ષો ધરાશાયી

## મોડી રાત્રે રાજ્યભરમાં કમોસમી વરસાદે ઘડબડાટી બોલાવી

**હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગાહી બે દિવસ માટે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે**



। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી પ્રમાણે મોટાભાગના વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. ફરી હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગાહી બે દિવસ માટે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ગત રાત્રિએ પણ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ થયો છે. વરસાદ થતા લોકોને ગરમીથી આંશિક રાહત પણ મળી છે. કારણ કે, છેલ્લા એક અઠવાડિયાથી પડી રહેલી ગરમીથી લોકો ત્રાહિમ પોકારી રહ્યાં હતાં. જેથી રાત્રે પડેલા વરસાદથી હવામાનમાં ઠંડક પ્રસરી છે.વરસાદની વાત કરવામાં આવે તો ગત રાત્રિએ ગાંધીનગર, અમદાવાદ, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, વલસાડ અને નવસારી સહિત અનેક જિલ્લામાં વરસાદ થયો છે. વરસાદના કારણે અનેક વિસ્તારોમાં વીજ પોલ અને વૃક્ષો ધરાશાયી થયા છે. નોંધનીય છે કે, મિની વાવાઝોડા સાથે ભારે વરસાદના કારણે અનેક વૃક્ષ ધરાશાયી થયા હતાં. આજે વહેલી સવારે પણ કેટલાક જિલ્લામાં વરસાદ થયો છે. અમદાવાદની વાત કરવામાં આવે તો, વહેલી સવારથી વરસાદી વાતાવરણ જોવા મળ્યું છે. જેથી આજે પણ અમદવાદામાં વરસાદ થવાની સંભાવના છે.આગાહી પ્રમાણે આજે અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા, તાપી, નવસાર અને ડાંગમૈં ભારે વરસાદ થવાની સંભાવનાઓ છે. નોંધનીય છે કે, દરિયા કિનારે આવેલા જિલ્લામાં ભારે વરસાદની આગાહી હોવાથી ૪૦થી ૪૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાશે, જેના કારણે માછીમારોને દરિયો ના ખેડવા માટે સૂચના આપી દેવામાં આવી છે. આ સાથે કેટલાક વિસ્તારોમાં ગાજવીજ ભારે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.આગાહી પ્રમાણે દરિયાકાંઠે ૪૦ થી ૪૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુકાશે, જેથી ૩૦ મેથી ૧ જૂન સુધી માછીમારોને દરિયો ન ખેડવા માટે જે તે જિલ્લા કલેક્ટર દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. દરિયો ના ખેડવાની સૂચના હોવા છતાં પણ ગઈ કાલે દ્વારકામાં એક બોટ માછીમારી કરતી જોવા મળી હતી.

## અમદાવાદ મંડળ પર રાજભાષા અમલીકરણ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું









। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માની અધ્યક્ષતામાં તારીખ ૨૯.૦૫.૨૦૨૫ ના રોજ મંડળ રાજભાષા અમલીકરણ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું. આ અવસરે સમિતિના અધ્યક્ષ શ્રી સુધીર કુમાર શર્મા દ્વારા અમદાવાદ મંડળની ઈ-પત્રિકા રાજભાષા આશ્રમ સૌરભના ૫૧મા અંકનું અવલોકન/વિમોચન કરવામાં આવ્યું. આ દરમિયાન રાજભાષા વિભાગ દ્વારા કવિશ્રી 'રવીન્દ્રનાથ ટાગોર જી' ના જીવન પર પાવર પોઈન્ટ મારફતે એક રોમાંચક રજૂઆત કરવામાં આવી અને તેના સંબંધિત પ્રશ્નમંચનું આયોજન કરવામાં આવ્યું. સદર પ્રશ્નમંચમાં વિજેતા અધિકારીઓ અને કર્મચારીઓને ઈનામ આપવામાં આવ્યા. દરેક ત્રિમાસિકની જેમ, આ અવસરે, હિન્દીમાં ઉત્કૃષ્ઠ કામ કરનારા અધિકારીઓ/કર્મચારીઓને મંડળ રેલવે મેનેજર દ્વારા મંડળની વિશેષ ઈનામ યોજના "રાજભાષા રત્ન" હેઠળ ઈનામ આપવામાં આવ્યા.

મંડળ રેલવે મેનેજરે રાજભાષા વિભાગને બેઠકના સફળ આયોજન માટે શાબાશી આપી અને મંડળની પત્રિકાનું અવલોકન કરતાં તેના વિષય-વસ્તુની પ્રશંસા કરી. આપે રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારના લોકોને હિન્દી સાહિત્યમાં અભિરૂચિ ઉતપન્ન કરવાની દ્રષ્ટિથી મંડળના હિન્દી પુસ્તકાલયમાં ઉપલબ્ધ પુસ્તકોને મંડળની વેબસાઈટ પર અપલોડ કરવા જણાવ્યું અને પુસ્તકો અને પત્ર-પત્રિકાઓની ખરીદી, વાચકોના સૂચનોને આધારે કરવાની વાત કહી. ઉપરાંતમાં આપે દૂર-દૂરના વિસ્તારોમાં રાજભાષા હિન્દી વિષયની કાર્યશાળાઓના સંચાલન કરવાના નિર્દેશ આપ્યા.

બેઠકના ઉપાધ્યક્ષ અને અપર મંડળ રેલવે મેનેજર (સંચાલન) શ્રી લોકેશ કુમારે મંડળ રેલવે મેનેજર દ્વારા ધ્યાનમાં લાવવામાં આવેલી વિવિધ બાબતો પર વિશેષ ધ્યાન આપવા અને કામગીરી કરવા પર ભાર આપ્યો. બેઠકના અંતમાં ઉપાધ્યક્ષ શ્રી લોકેશ કુમારે આભાર વ્યક્ત કર્યો. આ અવસરે અમદાવાદ મંડળના તમામ વિભાગાધ્યક્ષ ઉપસ્થિત રહ્યા અને કાર્યક્રમમાં ભાગ લીધો.

## ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમિતોનાં આંકડમાં વધારો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

રાજ્યમાં કોરોના કેસો ધીરેધીરે બેવડી સદી તરફ આગળ વધી રહ્યાં છે, રાજકોટમાં પણ કોરોના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. શહેરમાં એક જ દિવસમાં ૬ કેસ સામે આવતા અને તેમાં ૬ માસનું એક બાળક પણ સંક્રમિત થતાં આરોગ્ય તંત્રમાં ચિંતા વ્યાપી છે. આ ઉપરાંત ભાવનગરમાં કોરોનાના વધુ બે કેસ તેમજ જામનગર અને જૂનાગઢમાં એક-એક કેસ સામે આવ્યાં છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ કોરોનાના કેસ સામે આવ્યા છે. એક પછી એક શહેરમાંથી કોરોનાના નવા કેસ નોંધાઈ રહ્યા છે. અમદાવાદ, સુરત બાદ ફરી એકવાર રાજકોટમાં જ કોરોનાના કેસ નોંધાયા હોવાનું સામે આવ્યું છે. રાજકોટમાં નોંધાયેલા ૬ કેસોમાં રામપાર્કમાં ૨૫ વર્ષીય મહિલા, સદગુરુનગરમાં ૬ માસનું બાળક તેમજ ૩૨ વર્ષીય પુરુષ, બસ સ્ટેશન પાસેના વિસ્તારમાં ૨૬ વર્ષીય પુરુષ, જીવરાજ પાર્કમાં ૬૭ વર્ષીય પુરુષ તેમજ મંગલ પાર્કમાં ૨૬ વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે. આ તમામ દર્દીઓ હાલ આઈસોલેશનમાં છે અને તેમની તબીયત સ્થિર છે. રાજકોટ જિલ્લામાં પણ એક કેસ પોઝીટીવ આવ્યો છે. આ સાથે જ શહેર-જિલ્લામાં કોરોનાના કુલ કેસ ૧૧ થઈ ચૂક્યાં છે. સુરતમાં કોરોના કેસમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. સુરતમાં વધુ બે કોરોના પોઝિટિવ કેસ આવતા હડકંપ મચી જવા પામ્યો છે. નાનપુરાના ૩૦ વર્ષીય યુવક અને ઘોડદોડ રોડની ૬૪ વર્ષીય વૃદ્ધાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

## ભાવનગરમાં જૂની અદાવતમાં મહિલા પોલીસકર્મીના પુત્રની જાહેર હત્યા

। (એજન્સી) ભાવનગર, તા.૨૯ ।

ભાવનગરમાં ધોળાદિવસે મહિલા પોલીસકર્મીના પુત્રની હત્યા કરી નખાઈ છે. પંચવટી ચોકથી ઘોઘા જકાત તરફના રસ્તા પર બે અજાણ્યા શખસોએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી પોલીસપુત્રની હત્યા કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન ઘટનાસ્થળે માતાએ આક્રંદ મચાવ્યું હતું. મળતી માહિતી મુજબ, શહેરના ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા રેખાબેન આહીરનો પુત્ર કેવલ દિલીપભાઈ આહીર તેના મિત્ર સાથે પંચવટી ચોકથી ઘોઘા જકાત જવાના રસ્તા પર સર્વિસમાં મુકેલી કાર લેવા ગયો હતો. તે દરમિયાન બે શખસોએ કેવલ પર છરી વડે આડેધડ હુમલો કરી તેની હત્યા કરી નાખી અને ત્યાંથી ફરાર થઈ ગયા. આ હત્યા પાછળ જૂની અદાવત કારણભૂત હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.પુત્રની હત્યાના સમાચાર મળતા જ એએસઆઈ રેખાબેન આહીર પણ પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા, જ્યાં તેમના હૈયાફાટ રુદનથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. આ ઘટનાને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ફરાર થયેલા આરોપીઓને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.આ મામલે અધિકૃત પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મૃતકની માતા રેખાબેન ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવે છે.ઘોઘા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા પંચવટી ચોક પાસે બપોરના સમયે કેવલ આહીર તેના મિત્ર સાથે સર્વિસમાં આપેલી કાર લેવા ગયો હતો, ત્યારે બે ઈસમોએ તેને ગળા અને પેટના ભાગે છરીના ઘા મારી હત્યા કરી છે. પોલીસે મૃતકની લાશનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. તેમજ રૂટ પરના તમામ સીસીટીવી કેમેરાની તપાસ ચાલુ છે.